dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

# સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-09 | Issue-140 | AD - 2026, Fagan Sud - 09 | Wednesday, Dt. 25-02-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

### એઆઈ સમિટમાં વિરોધ કરવા બદલ કોંગ્રેસના રાષ્ટ્રીય યુવા પ્રમુખ સહિત આઠ લોકોની ધરપકડ

# એઆઈ સમિટનો વિરોધ સુનિયોજીત કાવતરૂ : દિલ્હી પોલીસ

નવી દિલ્હી, તા.૨૪

નવી દિલ્હીમાં આયોજિત વૈશ્વિક એઆઈ (AI) સમિટ દરમિયાન ભારતીય યુવા કોંગ્રેસ દ્વારા કરવામાં આવેલા વિરોધ પ્રદર્શન અંગે દિલ્હી પોલીસે ગંભીર ખુલાસા કર્યા છે. ૨૪ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ જારી કરાયેલા સત્તાવાર નિવેદનમાં સ્પેશિયલ પોલીસ કમિશનર દેવેશ ચંદ્ર શ્રીવાસ્તવે જણાવ્યું હતું કે, આ માત્ર એક સામાન્ય વિરોધ નહોતો પરંતુ એક ઊંડું અને સુનિયોજિત ષડયંત્ર હતું. આ કેસની સંવેદનશીલતાને ધ્યાનમાં રાખીને તેની તપાસ હવે દિલ્હી પોલીસની ક્રાઈમ બ્રાન્ચને સોંપવામાં આવી છે, જેનો આંતરરાજ્ય સેલ આ ઘટનાના અન્ય રાજ્યો સાથેના જોડાણોની ઊંડાણપૂર્વક તપાસ કરશે. આ સમગ્ર વિવાદની શરૂઆત ૨૦ ફેબ્રુઆરીના રોજ ભારત મંડપમ ખાતે થઈ હતી, જ્યાં એઆઈ ઈમ્પેક્ટ સમિટનું આયોજન કરવામાં આવ્યું હતું. આરોપ છે કે યુવા કોંગ્રેસના કાર્યકરોએ સુરક્ષા કોર્ડન તોડી નાખ્યો હતો અને હિંસક પ્રદર્શન કર્યું હતું, જેમાં કેટલાક પોલીસકર્મીઓ પણ ઘાયલ થયા હતા. આ ઘટના બાદ તિલક માર્ગ પોલીસ સ્ટેશનમાં ફોજદારી ગુનો નોંધવામાં આવ્યો છે. સર્વેલન્સ કેમેરાના ફૂટેજ દ્વારા આરોપીઓની ઓળખ કરવામાં આવી છે, જેમાં જાણવા મળ્યું છે કે આ પ્રદર્શનકારીઓને બહારથી મોટું સમર્થન મળી રહ્યું હતું. અત્યાર સુધીમાં ભારતીય યુવા કોંગ્રેસના પ્રમુખ ઉદય ભાનુ ચિબ સહિત કુલ આઠ લોકોની ધરપકડ કરવામાં આવી છે. દિલ્હીની કોર્ટે ચિબને ચાર દિવસની પોલીસ કસ્ટડીમાં મોકલી આપ્યા છે. એફઆઈઆરમાં ભારતીય દંડ સંહિતાની કલમ



૧૯૧ (૧) અને ૧૯૨ ઉમેરવામાં આવી છે, જે રમખાણો ઉશ્કેરવા અને ગુનાહિત કાવતરું ઘડવા સાથે સંબંધિત છે. ક્રાઈમ બ્રાન્ચ હાલમાં અન્ય રાજ્યોની પોલીસ સાથે સંપર્કમાં છે અને આ કાવતરામાં સામેલ અન્ય શંકાસ્પદ વ્યક્તિઓની શોધમાં વિવિધ સ્થળોએ દરોડા પાડી રહી છે. પોલીસનો મુખ્ય ઉદ્દેશ્ય આ ઘટના પાછળના માસ્ટરમાઈન્ડ સુધી પહોંચવાનો છે. બીજી તરફ, આ મુદ્દે રાજકીય ગરમાવો પણ તેજ થયો છે. મંગળવારે સંદેશાવ્યવહાર અને માહિતી ટેકનોલોજી પરની સંસદીય સ્થાયી સમિતિની બેઠકમાં આ ઘટનાની કડક શબ્દોમાં નિંદા કરતો પ્રસ્તાવ પસાર કરવામાં આવ્યો હતો. સમિતિના અધ્યક્ષ નિશિકાંત દુબેએ આ ઘટનાને દેશની છબીને નુકસાન પહોંચાડનારી ગણાવી હતી. ભારતીય જનતા પાર્ટીએ આ ઘટના માટે સીધો આરોપ કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી પર લગાવ્યો છે. ભાજપના રાષ્ટ્રીય પ્રવક્તા ગૌરવ ભાટિયાએ પત્રકાર પરિષદમાં દાવો કર્યો હતો કે રાહુલ ગાંધીના ઈશારે જ યુવા કોંગ્રેસના કાર્યકરોએ સમિટમાં 'શર્ટલેસ' વિરોધ પ્રદર્શન કર્યું હતું. તેમણે કહ્યું કે જ્યારે વિશ્વભરના પ્રતિનિધિઓ ભારતમાં ટેકનોલોજીના ભવિષ્ય પર ચર્ચા કરવા એકઠા થયા હતા, ત્યારે આવા પ્રકારનું પ્રદર્શન ભારતને બદનામ કરવાનું કાવતરું છે. ઉત્તર પ્રદેશના નાયબ મુખ્યમંત્રી બ્રિજેશ પાઠકે પણ આ મામલે કોંગ્રેસ પર આકરા પ્રહારો કર્યા હતા. તેમણે કહ્યું કે જે લોકો 'પ્રેમની દુકાન'ની વાત કરે છે તેઓ વાસ્તવમાં દેશમાં અરાજકતા ફેલાવવા માંગે છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી જ્યારે ભારતને એઆઈ ક્ષેત્રે વૈશ્વિક લીડર બનાવવા પ્રયત્નશીલ છે, ત્યારે કોંગ્રેસ માત્ર જૂઠ ફેલાવીને અને વિદેશી પ્લેટફોર્મ પર ભારતનું અપમાન કરીને પોતાની રાજનીતિ ચમકાવવા માંગે છે. તેમણે રાજીવ ગાંધી ફાઉન્ડેશનના ચીની ફંડિંગનો મુદ્દો ઉઠાવીને રાહુલ ગાંધીના એજન્ડા પર સવાલ ઉઠાવ્યા હતા. હાલમાં, પોલીસ કસ્ટડીમાં લેવામાં આવેલા આરોપીઓની પૂછપરછ ચાલુ છે અને આગામી દિવસોમાં આ કેસમાં વધુ મોટા ખુલાસા થવાની શક્યતા છે.

# કેન્દ્ર સરકારે 'કેરળ'નું નામ બદલીને 'કેરળમ' કરવાનો નિર્ણય કર્યો

**રાજ્ય વિધાનસભાએ અગાઉ આ પ્રસ્તાવ પસાર કર્યો હતો**

ન્યૂ દિલ્હી,તા.૨૪

કેન્દ્ર સરકારે દક્ષિણ ભારતનું રાજ્ય કેરળનું નામ બદલીને 'કેરલમ' (Keralam) કરવાનો મહત્વપૂર્ણ નિર્ણય લીધો છે. કેબિનેટની બેઠકમાં આ પ્રસ્તાવને મંજૂરી મળતા દાયકાઓ જૂની માંગણી સંતોષાઈ છે.મુખ્યમંત્રી પિનરાઈ વિજયને વર્ષ ૨૦૨૪માં




આ અંગેનો પ્રસ્તાવ રજૂ કર્યો હતો. તેમની મુખ્ય દલીલ એ હતી કે મલયાલમ ભાષામાં રાજ્યને મૂળભૂત રીતે 'કેરલમ' જ કહેવામાં આવે છે. આઝાદીના સમયથી જ મલયાલમ ભાષી લોકો માટે 'સંયુક્ત કેરલમ' બનાવવાનું આંદોલન ચાલ્યું હતું. અત્યાર સુધી બંધારણની પ્રથમ અનુસૂચિમાં રાજ્યનું નામ 'કેરળ' તરીકે નોંધાયેલું હતું. હવે ભારત સરકાર બંધારણના અનુચ્છેદ ૩ હેઠળ સુધારો કરીને તમામ ભાષાઓમાં તેને 'કેરલમ' તરીકે સત્તાવાર માન્યતા આપશે. રાજ્ય વિધાનસભાએ અગાઉ આ પ્રસ્તાવ પસાર કર્યો હતો, પરંતુ કેન્દ્રીય ગૃહ મંત્રાલયે સૂચવેલા ટેકનિકલ ફેરફારો બાદ તેને ફરીથી મોકલવામાં આવ્યો હતો. કેરળમાં આગામી મે મહિના પહેલા વિધાનસભાની ૧૪૦ બેઠકો માટે ચૂંટણી યોજાય તેવી સંભાવના છે. ચૂંટણી પંચની સત્તાવાર જાહેરાત પહેલા લેવાયેલો આ નિર્ણય સાંસ્કૃતિક ગૌરવ અને પ્રાદેશિક અસ્મિતાની દ્રષ્ટિએ અત્યંત મહત્વનો સાબિત થઈ શકે છે.

# દિલ્હી એરપોર્ટ પર કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટે ૫.૪૨ કરોડનાં સોના સાથે મહિલાને ઝડપી

નવી દિલ્હી, તા.૨૪

દિલ્હી એરપોર્ટ પર કસ્ટમ્સના એર ઈન્ટેલિજન્સ યુનિટે મોટી કાર્યવાહી હાથ ધરી અને એક મહિલા મુસાફર પાસેથી સોનું, હીરાના દાગીના, ચાંદીના વાસણો, લક્ઝરી ઘડિયાળો અને વિદેશી ચલણ જપ્ત કર્યું. ૧૮ ફેબ્રુઆરી, ૨૦૨૬ના રોજ મહિલા હોંગકોગથી ફ્લાઈટ *fh* CX-695 દ્વારા ટર્મિનલ-૩ પર આવી હતી. સ્પોટ પ્રોફાઈલિંગના આધારે કસ્ટમ



અધિકારીઓએ તેને રોકી તપાસ હાથ ધરી હતી.

સામાનનું એક્સ-રે સ્કીનિંગ કર્યા બાદ વિગતવાર તપાસ કરવામાં આવી હતી. તપાસ દરમિયાન ૧.૨ કિલોગ્રામ સોના અને હીરાના દાગીના, ૧૦ કિલોગ્રામ ચાંદીના વાસણો તેમજ મોંઘી લક્ઝરી ઘડિયાળો મળી આવી હતી. ઉપરાંત ૯,૦૮૪ યુએસ ડોલર, ૬૦૫ યુરો અને ૨,૫૪૦ હોંગકોંગ ડોલર પણ જપ્ત કરવામાં આવ્યા હતા.


જપ્ત કરાયેલા માલની કુલ કિંમત અંદાજે ૫.૪૨ કરોડ રૂપિયા છે. માલ જાહેર ન કરાતા કસ્ટમ્સ એક્ટ, ૧૯૬૨ મુજબ કલમ ૧૧૦ હેઠળ જપ્તી અને કલમ ૧૦૪ હેઠળ ધરપકડ કરવામાં આવી છે. જોકે ૫૫૨ ગ્રામ સ્થાનિક સોનું મુસાફરને પરત આપવામાં આવ્યું હતું. વધુ તપાસ ચાલુ છે.

### પાયલોટે હવામાન ખરાબ થતા વિમાનનો રસ્તો બદલવાની મંજૂરી માગી હતી

# ઝારખંડમાં એર એમ્બ્યુલન્સ ક્રેશ થતા તમામ ૭ લોકોના મોત

રાંચી,તા.૨૪

ઝારખંડથી દિલ્હી જઈ રહેલું એક ચાર્ટર્ડ પ્લેન સોમવારે રાત્રે ચતરા જિલ્લાના સિમરિયાના જંગલોમાં ક્રેશ થયું હતું. આ વિમાન એક એર એમ્બ્યુલન્સ હતું, જેમાં સવાર દર્દી, તબીબી સ્ટાફ અને પાયલટ સહિત તમામ સાત વ્યક્તિઓએ જીવ ગુમાવ્યા છે.રેડબર્ડ કંપનીનું બીચક્રાફ્ટ કિંગ એર B90L વિમાન સોમવારે સાંજે ૭:૧૧ વાગ્યે રાંચીથી દિલ્હી જવા



રવાના થયું હતું. ઉડાન ભર્યાની માત્ર ૨૦ મિનિટ બાદ, એટલે કે ૭:૩૦ વાગ્યે, પાયલટે ખરાબ હવામાનના કારણે વિમાનનો માર્ગ બદલવા (ડાયવર્ઝન) માટે પરવાનગી માંગી હતી. જોકે, તેની ગણતરીની મિનિટોમાં જ ૭:૩૪ વાગ્યે કોલકાતા એર ટ્રાફિક કંટ્રોલ (ATC) સાથેનો સંપર્ક તૂટી ગયો હતો અને વિમાન રડાર પરથી ગાયબ થઈ ગયું હતું.

આ અકસ્માતમાં કુલ ૭ લોકોના મોત થયા છે, જેમાં કેપ્ટન વિવેક વિકાસ ભગત (પાઈલટ), કેપ્ટન સબરાજદીપ સિંહ (કો-પાઈલટ),સંજય કુમાર (દર્દી), અર્ચના દેવી (પરિવારજન), ધૂરુ કુમાર (પરિવારજન), વિકાસ કુમાર ગુપ્તા (ડોક્ટર), સચિન કુમાર મિશ્રા (પેરામેડિકલ સ્ટાફ) નો સમાવેશ થાય છે. દર્દી સંજય કુમાર (૪૧) લાતેહાર જિલ્લાના ચંદવાના રહેવાસી હતા. તેઓ ૧૬ ફેબ્રુઆરીએ ૬૫ ટકા દાઝી ગયેલી હાલતમાં રાંચીની દેવકમલ હોસ્પિટલમાં દાખલ થયા હતા. વધુ સારી સારવાર મળી રહે તે હેતુથી તેમના પરિવારે તેમને દિલ્હી શિફ્ટ કરવાનો નિર્ણય લીધો હતો, જેના માટે આ ખાનગી એર એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવામાં આવી હતી. કમનસીબે, જીવન બચાવવા માટેનો આ પ્રયાસ જ કાળ સાબિત થયો. ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશનના જણાવ્યા અનુસાર, પ્રાથમિક દ્રષ્ટિએ ખરાબ હવામાન અકસ્માતનું મુખ્ય કારણ માનવામાં આવે છે. વિમાન પહાડી અને જંગલ વિસ્તારમાં ક્રેશ થયું હોવાથી બચાવ કામગીરીમાં પણ મુશ્કેલીઓ પડી હતી.


# ભારત પ્રવાસ પહેલા મુંબઈના આતંકી રાણાની નાગરિકતા રદ કરશે કેનેડા?

મુંબઈ,તા.૨૪

કેનેડાના વડાપ્રધાન માર્ક કાર્નીની ભારત મુલાકાત પૂર્વે કેનેડા સરકારે એક અત્યંત મહત્વપૂર્ણ પગલું ભર્યું છે. ૨૦૦૮ના મુંબઈ આતંકી હુમલાના મુખ્ય કાવતરાખોર અને પાકિસ્તાની મૂળના ઉદ્યોગપતિ તહવ્વુર હુસૈન રાણાની નાગરિકતા રદ કરવાની કાયદેસરની કાર્યવાહી કેનેડાએ વેગવંતી બનાવી છે. આ નિર્ણય પાછળનું મુખ્ય કારણ રાણા દ્વારા નાગરિકતા મેળવતી વખતે કરવામાં આવેલી ગંભીર છેતરપિંડી



અને તથ્યોને છુપાવવાની બાબત છે. કેનેડિયન સત્તાવાળાઓના જણાવ્યા અનુસાર રાણાએ તેની નાગરિકતાની અરજી દરમિયાન કેનેડામાં તેની ગેરહાજરી વિશે ખોટી માહિતી આપી હતી અને નિવાસસ્થાન અંગે ખોટા નિવેદનો કર્યા હતા. આ છેતરપિંડીને કારણે તે સમયે અધિકારીઓએ તેને નાગરિકતા આપી દીધી હતી પરંતુ હવે તપાસમાં બહાર આવ્યું છે કે તેણે ઈરાદાપૂર્વક નિયમોનું ઉલ્લંઘન કર્યું છે. આ મામલો હાલમાં ફેડરલ કોર્ટમાં છે જ્યાં તેના ખોટા નિવેદનો અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે. ભારત અને કેનેડાના સંબંધો સુધારવાની દિશામાં આ એક નિર્ણાયક કદમ માનવામાં આવે છે.




# ભોપાલમાં કિસાન મહા ચૌપાલમાં રાહુલ ગાંધીના પીએમ મોદી પર પ્રહાર

ભોપાલ,તા.૨૪

મધ્ય પ્રદેશના ભોપાલમાં આયોજિત 'કિસાન મહા ચૌપાલ' દરમિયાન કોંગ્રેસ નેતા રાહુલ ગાંધીએ કેન્દ્ર સરકાર પર આકરા પ્રહારો કર્યા હતા. ભારત-અમેરિકા વ્યાપાર કરારના વિરોધમાં આયોજિત આ સભામાં તેમણે પૂર્વ આર્મી ચીફ જનરલ નરવણેના પુસ્તકનો હવાલો આપતા જણાવ્યું કે, જ્યારે ચીની ટેન્કો ભારતીય સરહદમાં પ્રવેશી રહી હતી, ત્યારે સંરક્ષણ મંત્રી રાજનાથ સિંહ પાસે સ્પષ્ટ આદેશોનો અભાવ હતો. રાહુલે આક્ષેપ કર્યો કે નિર્ણાયક સમયે



વડાપ્રધાન મોદી 'ગાયબ' થઈ ગયા હતા.વધુમાં, તેમણે લોકસભામાં વિપક્ષના નેતા તરીકે પોતાનો અવાજ દબાવવામાં આવતો હોવાની ફરિયાદ પણ કરી હતી. મલ્લિકાર્જુન ખડગે અને રાહુલ ગાંધીએ ખેડૂતોના હિતો અને રાષ્ટ્રીય સુરક્ષાના મુદ્દે સરકારને ઘેરી હતી.



સંજોગ ન્યૂઝ
આપણું અમરેલી
બુધવાર, તા.૨૫-૦૨-૨૦૨૬

## ટ્રાફિકના ઘસારાને પહોંચી વળવા માટે એસ.ટી.ડિવિઝન દ્વારા કરાયુ આયોજન

# ધુળેટીના પર્વને લઈ અમરેલી એસ.ટી.ડિવિઝન ૯૬ વધારાની બસ દોડાવશે

**ખાસ કરીને શ્રમિકો દાહોદ, છોટા ઉદેપુર, ગોધરા જઈ શકે તે માટે વિશેષ બસની સુવિધા**

અમરેલી,તા.૨૪

હોળી અને ધૂળેટીના આગામી તહેવારો દરમિયાન મુસાફરોની ભારે ભીડને પહોંચી વળવા માટે ગુજરાત રાજ્ય માર્ગ વાહન વ્યવહાર નિગમ દ્વારા કમર કસવામાં આવી છે. આ આયોજનના ભાગરૂપે અમરેલી એસ.ટી. ડિવિઝન સહિત રાજ્યના વિવિધ કેન્દ્રો પરથી વધારાની બસો દોડાવવાનો મહત્વનો નિર્ણય લેવામાં આવ્યો છે.

આ અંગે વિભાગીય નિયામક ભાવેશ પટેલે જણાવ્યું હતું કે, હોળી-ધૂળેટીના પર્વ પર સૌરાષ્ટ્ર અને ખાસ કરીને અમરેલી જિલ્લામાંથી હજારો લોકો રોજગારી કે અન્ય કામ અર્થે અન્ય શહેરોમાં વસતા હોય છે. આ લોકો તહેવાર મનાવવા વતન પરત ફરે છે, જેના કારણે એસ.ટી. બસોમાં ટ્રાફિકનું ભારણ વધી જાય છે. આ ભીડને ધ્યાનમાં રાખીને અમરેલીથી ખાસ કરીને ગોધરા, દાહોદ, ઝાલોદ અને છોટાઉદેપુર, અમદાવાદ જેવા શહેરો તરફ જનારા શ્રમિકો અને મુસાફરો માટે વિશેષ બસોની સુવિધા ઉપલબ્ધ કરાવવામાં આવશે. જો કે અત્યારથી જ આ બસ ધીમે-ધીમે શરૂ કરવામાં આવી છે, પરંતુ વધુમાં આ વિશેષ સેવાઓ ૨૭ ફેબ્રુઆરીથી ૫ માર્ચ ૨૦૨૬ દરમિયાન કાર્યરત રહેશે.

ઓનલાઈન બુકિંગ અને હેલ્પલાઈનથી મુસાફરોને બસ સ્ટેન્ડ પર લાંબી કતારોમાં ઉભા રહેવું ન પડે તે માટે એસ.ટી. નિગમે ઓનલાઈન બુકિંગ પર ભાર મૂક્યો છે. મુસાફરો GSRTCની વેબસાઈટ અથવા મોબાઈલ એપ્લિકેશન દ્વારા એડવાન્સ બુકિંગ કરાવી શકશે. કોઈપણ મુશ્કેલી કે પૂછપરછ માટે મુસાફરો નિગમના ટોલ-ફ્રી નંબર ૧૮૦૦ ૨૩૩ ૬૬૬૬૬૬ પર ૨૪ કલાક સંપર્ક કરી શકે છે. અમરેલી એસ.ટી. ડિવિઝનના આ આગોતરા આયોજનથી મુસાફરો ખાનગી ટ્રાવેલ્સના ઊંચા ભાડા અને હાલાકીથી બચી શકશે.

**ક્યાં ડેપોમાંથી કેટલી બસ ઉપડશે**

| ડેપો | બસની સંખ્યા |
|---|---|
| અમરેલી | ૨૦ |
| સા.કુંડલા | ૨૦ |
| બગસરા | ૧૬ |
| ધારી | ૧૨ |
| રાજુલા | ૧૨ |
| ઉના | ૦૮ |
| કોડીનાર | ૦૮ |

# ગોવિંદપુર ગામે સિંહણના હુમલાનો ભોગ બનેલા મહિલાના પરિવારને સહાય પેટે રૂ. ૧૦ લાખ ચૂકવાયા

ચલાલા,તા.૨૪

ચલાલા ગામના રહેવાસી અને ગોવિંદપુર મુકામે કેરીના બગીચાનો ઈજારો રાખી મહેનત,મજૂરી કરતા ધીરુભાઈ સુખાભાઈ સોલંકીના પત્ની સ્વ. મંજુલાબેનનું માનવભક્ષી સિંહણ દ્વારા હુમલામાં થોડા દિવસ પહેલા મૃત્યુ થયું હતું. જેની જાણ આ વિસ્તારના ધારાસભ્ય જે.વી. કાકડીયાને થતા તેમણે જિલ્લા ફોરેસ્ટ અધિકારીને તાત્કાલિક જરૂરી પ્રક્રિયા પૂર્ણને કરી આ પરિવાર ઉપર આવી પડેલી દુઃખદ પરિસ્થિતિમાં સરકારમાંથી મળતી સહાય વહેલી તકે ચુકવવા સૂચના આપી હતી. જેથી આજે ધીરુભાઈના પરિવારને સરકારમાંથી મળવા પાત્ર રૂ. ૧૦ લાખનો ચેક આપવામાં આવ્યો હતો. આ તકે પરિવાર ઉપર આવી પડેલી આફત અને દુઃખદ ઘટનામાં સાત્વના આપવા આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.



# અતુલ કાનાણીના અધ્યક્ષસ્થાને અમરેલીમાં જિલ્લા ભાજપના નવનિયુક્ત હોદેદારોની પરિચય બેઠક

અમરેલી,તા.૨૪

અમરેલીમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યાલય ખાતે જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષ સ્થાને જીલ્લામાં પક્ષના નવા વરાયેલા હોદેદારોની પરિચય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. જીલ્લા મહામંત્રી રાજુભાઈ ભૂતૈયાએ શાબ્દિક સ્વાગત કર્યું હતું. અતુલ કાનાણીએ નવા હોદેદારોને આવકારતા પક્ષની સંગઠનની પ્રક્રિયા, આગેવાન તરીકે સામાજિક જવાબદારી વગેરે વિષય પર જીણવટભર્યું પ્રવચન આપ્યું હતું. માર્ચમાં રાજ્યભરમાં પાર્ટીના પ્રશિક્ષણ વર્ગો યોજવાના હોય, આ વર્ગો કાર્યકર્તા ઘડતર માટે મહત્વના અને પક્ષના ઈતિહાસ તેમજ સંઘર્ષની જાણકારી માટે ખુબ અગત્યના હોય તેના આયોજન અંગે માહિતી આપવામાં આવી હતી.



# સા.કુંડલાના દેતડ ગામે સાસુ-વહુ પર હુમલાથી ચકચાર

સાવરકુંડલા, તા. ૨૪

સાવરકુંડલાના દેતડ ગામે જૂના મનદુઃખને લઈને એક જ પરિવારના સભ્યો વચ્ચે હિંસક અથડામણ થઈ હોવાની ઘટના સામે આવી હતી. ભત્રીજાના મોતના આક્ષેપોને લઈને આરોપીઓએ મહિલા અને તેમના સાસુને ઢીકાપાટુનો માર મારી જાનથી મારી નાખવાની ધમકી આપતા ચકચાર મચી ગઈ હતી. આ અંગે રેખાબેન અશ્વિનભાઈ વાઘેલા (ઉ.વ.૪૦)એ રેખાબેન નાનજીભાઈ દેલવાણીયા, ચંપાબેન કાળુભાઈ, દયાબેન ભરતભાઈ વાઘેલા તથા મુક્તાબેન પ્રવિણભાઈ વાઘેલા સામે ફરિયાદ નોંધાવી હતી. પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, તેના કુટુંબી ભત્રીજા પ્રકાશભાઈ વિનુભાઈ વાઘેલાનું થોડા સમય પહેલા મૃત્યુ થયું હતું. આ મોતના મામલે આરોપીઓએ તેના પતિ પર ખોટા આક્ષેપો કરતા હતા. આ બાબતનું મનદુઃખ રાખીને આરોપીઓએ વિવાદ ઉભો કર્યો હતો. આરોપીઓએ એકસંપ થઈને ફરિયાદીના ઘરે આવી અચાનક હુમલો કર્યો હતો. ઉપરાંત તેમની સાથે અશોભનીય વર્તન કરી ગાળાગાળી કરી હતી. તેમજ તેમના વૃદ્ધ સાસુને આરોપીઓએ ઢીકાપાટુનો આડેધડ માર માર્યો હતો, જેના કારણે તેમને શરીરે મૂઢ ઈજાઓ પહોંચી હતી. હુમલો કર્યા બાદ આરોપીઓએ જાનથી મારી નાખવાની ધમકી આપી હતી.

# અમરેલીમાં જાહેર માર્ગ પર વાહન પાર્ક કરી ટ્રાફિકને અડચણ ઉભી કરનાર સામે પોલીસની કાર્યવાહી

અમરેલી, તા. ૨૪

અમરેલી શહેરમાં ટ્રાફિકની સમસ્યાને હળવી કરવા અને માર્ગો ખુલ્લા રાખવાના અભિયાન હેઠળ અમરેલી પોલીસે જાહેર રોડ પર અડચણરૂપ વાહન રાખનારા શખ્સ સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

અમરેલીના વિવિધ વિસ્તારમાં જાહેર રોડ પર ઘણા વાહનચાલકો દ્વારા પોતાનું વાહન એવી રીતે પાર્ક કરવામાં આવ્યું હતું કે જેનાથી અન્ય વાહનચાલકો અને રાહદારીઓને પસાર થવામાં ભારે મુશ્કેલી પડી રહી હતી. પોલીસ પેટ્રોલીંગ દરમિયાન આ બાબત ધ્યાને આવતા કાર્યવાહી કરી હતી. પોલીસે નાગરિકોને પોતાના વાહનો નિર્ધારિત પાર્કિંગની જગ્યાએ પાર્ક કરવા વિનંતી કરી હતી.

# સાવરકુંડલા-અમરેલી હાઈવે પર સીમરણ વાડીએ બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત કરાયું

સાવરકુંડલા,તા.૨૪

સાવરકુંડલા-અમરેલી હાઈવે રોડ પર સીમરણ વાડીએ મંગળવારે બસ સ્ટેશનનું ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું.

આ તકે સાવરકુંડલા લીલીયાના ધારાસભ્ય મહેશ કસવાલા, તાલુકા પંચાયત પ્રમુખ જીતુભાઈ કાછડીયા, તાલુકા ભાજપ પ્રમુખ રજની ડોબરિયા, સરપંચ એસોસીએશનના પ્રમુખ હિતેશ ખાતરાણી, જીવનભાઈ વેકરીયા, ચીમનભાઈ શેખડા, જીરાના સરપંચ દક્ષાબેન ધર્મેશભાઈ ચોડવડીયા, ચિરાગ હીરપરા, ખોડાભાઈ કાકડીયા, સુરેશભાઈ સાવજ, દાતા મનુભાઈ નારણભાઈ ચોડવડીયા, કિશોરભાઈ, અશ્વિનભાઈ, દિવ્યાંગ, અર્પિત સહિત ગામના આગેવાનો અને મોટી સંખ્યામાં ભાઈઓ તથા બહેનો ઉપસ્થિત રહ્યા હતા.



# પ્રેમજાળમાં ફસાવી બ્લેકમેઈલ કરતા લુણીધાર ગામના યુવાનનો આપઘાત

વડિયા, તા. ૨૪

વડિયાના લુણીધાર ગામના એક યુવાને હનીટ્રેપ અને મનીટ્રેપનો શિકાર બની ઝેરી દવા પીને જીવન ટૂંકાવ્યું હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી હતી. આરોપીઓએ યુવાનને પ્રેમજાળમાં ફસાવી, લગ્નની લાલચ આપી લાખો રૂપિયા પડાવ્યા બાદ પોલીસ કેસની ધમકી આપી મરવા મજબૂર કર્યો હોવાનો ગુનો નોંધાયો હતો. બનાવ અંગે મૂળ લુણીધાર ગામના અને હાલ અમરેલીમાં રહેતા રવજીભાઈ નાથાભાઈ ચાવડા (ઉ.વ.૩૬) એ મૂળ મધ્યપ્રદેશના બૈતુલ જિલ્લાના અને હાર રાજકોટ રહેતા જ્યોતીબેન ગોવિંદરાવ દવંડે, અજયભાઈ ગોવિંદરાવ દવંડે, ગોવિંદરાવ દવંડે, કીરણબેન ગોવિંદરાવ દવંડે તથા જ્યોતીબેનના માતા સામે ફરિયાદ નોંધાવી હતી.

પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, મરણ પામનાર સુનીલભાઈ નાથાભાઈ ચાવડાને જ્યોતીબેન દંવડેએ પોતાની પ્રેમજાળમાં ફસાવ્યો હતો. ત્યારબાદ અન્ય આરોપીઓએ આ યુવતી સાથે સુનીલના લગ્ન કરાવી આપવાની લાલચ આપી હતી. આ લાલચમાં આવીને સુનીલભાઈએ આરોપીઓને રોકડ રકમ રૂ.૨.૫૦ લાખ, સોનાનો ચેઈન તથા અન્ય અગત્યના ડોક્યુમેન્ટ્સ આપ્યા હતા. રૂપિયા અને દાગીના પડાવી લીધા બાદ પણ આરોપીઓની લાલચ સંતોષાઈ નહોતી. તમામ આરોપીઓએ સંપ કરી સુનીલભાઈને બળાત્કારના પોલીસ કેસમાં ફસાવી દેવાની અને જાનથી મારી નાખવાની ધમકીઓ આપવાનું શરૂ કર્યું હતું. સતત થતા બ્લેકમેઈલિંગ અને માનસિક ત્રાસથી કંટાળીને સુનીલભાઈ પોતાના મૂળ વતન લુણીધાર ગામે પરત ફર્યા હતા.

આરોપીઓના અસહ્ય ત્રાસથી કંટાળી સુનીલભાઈએ પોતાના ઘરે ઝેરી દવાના ટીકડા ગળી લીધા હતા. ગંભીર હાલતમાં તેમને સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા, જ્યાં સારવાર દરમિયાન તેમનું મોત નીપજ્યું હતું.

# ખાંભાના ગીદરડી ગામે બળદ ગાડું મોટર સાયકલ સાથે અથડાતાં પતિએ ઠપકો આપતાં પત્નિને ફટકારી

**ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી**

ખાંભા, તા.૨૪

ખાંભાના ગીદરડી ગામે બળદ ગાડું મોટર સાયકલ સાથે અથડાતાં પતિએ ઠપકો આપતાં પત્નિને મુંઢ માર માર્યો હતો. તેમજ ગાળો બોલીને જાનથી મારવાની ધમકી આપી હતી. આ અંગે રાબીયાબેન ઈકબાલભાઈ અવાદી (ઉ.વ.૩૫)એ જસુભાઈ ઉર્ફે જયસુખભાઈ વાલજીભાઈ કણસાગરા, અફસાનાબેન ઉર્ફે આશાબેન કણસાગરા તથા આરતીબેન જયતાભાઈ કણસાગરા સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ તેના ઘરે મહેમાન આવ્યા હતા. જે મહેમાનનું મોટર સાયકલ તેના ઘરની બહાર પડ્યું હતું. જયસુખભાઈ કણસાગરા પોતાની બળદ ગાડું લઈને આવતા મહેમાનની મોટર સાયકલ સાથે અથડાવી હતી. જેથી તેના પતિએ ઠપકો આપ્યો હતો. જે વાતનુ મનદુઃખ રાખી તેમણે જેમફાવે તેમ ગાળો આ હતી. ઉપરાંત હાથમાં રહેલ કુહાડોનો એક ઘા ડાબા ગાલ ઉપર મારી લોહી કાઢ્યું હતું. અન્ય આરોપીઓએ લોખંડની પાઈપ વડે ડાબી બાજુ ડોક (ગળા)ના ભાગે મારી ઈજા કરી હતી. તેમજ શરીરે આડેધડ ઢીકાપાટુનો મુંઢ માર મારી ત્રણેય આરોપીઓએ તેમને તેમજ સાહેદને જેમ ફાવે-તેમ ગાળો આપી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ખાંભા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી એમ ગમારા વધુ તપાસ કરી રહ્યા છે.









# અમરેલી સિવીલમાં મહિલાના મોત મામલે દેવીપૂજક સમાજનો કલેકટર કચેરીને ઘેરાવ

અમરેલી, તા.૨૪

અમરેલીની સિવિલ હોસ્પિટલમાં ગર્ભાશયના (કોથળીના) ઓપરેશન દરમિયાન એક દેવીપૂજક મહિલાનું કરુણ મોત નીપજતા સમગ્ર પંથકમાં ચકચાર મચી છે. પરિવારજનો અને દેવીપૂજક સમાજનો ગંભીર આક્ષેપ છે કે ઓપરેશન દરમિયાન ડોક્ટરની બેદરકારીથી નસ કપાઈ જવાથી મહિલાનું મૃત્યુ થયું છે. આ બાબતે ન્યાય મેળવવા માટે સમાજના લોકો મોટી સંખ્યામાં કલેક્ટર કચેરીએ



ઉમટી પડ્યા હતા. સમાજના અગ્રણીઓએ કલેક્ટરને આવેદનપત્ર પાઠવી તટસ્થ તપાસની માંગ કરી છે. હોસ્પિટલના જવાબદાર અને દોષિત સ્ટાફ સામે કડક ફોજદારી કાર્યવાહી કરવાની માંગ કરવામાં આવી છે.આ મામલે અમરેલી DySP ને રૂબરૂ મળીને રજૂઆત કરવામાં આવી છે.મહિલાના મોતને ૬ દિવસ વીતી ગયા હોવા છતાં મામલો હજુ ગૂંચવાયેલો છે. ભાવનગર ખાતે ફોરેન્સિક પોસ્ટમોર્ટમ (PM) કરાયા બાદ હાલ મૃતદેહ ત્યાં જ રાખવામાં આવ્યો છે. પરિવારે સ્પષ્ટ જણાવ્યું છે કે જ્યાં સુધી ફોરેન્સિક PM રિપોર્ટ જાહેર ન થાય અને દોષિતો સામે પગલાં ન લેવાય ત્યાં સુધી તેઓ લાશ સ્વીકારશે નહીં.

# અમરેલી જિલ્લા યુવા ભાજપ દ્વારા રાહુલ ગાંધીના પુતળાને ચપ્પલ મરાયા

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લા યુવા ભાજપ દ્વારા શહેરના રાજકમલ ચોકમાં કોંગ્રેસ નેતા રાહુલ ગાંધી સામે આક્રોશપૂર્ણ વિરોધ પ્રદર્શન કરવામાં આવ્યું હતું. દિલ્હી ખાતે આયોજિત AI સમિટ દરમિયાન રાહુલ ગાંધીએ દેશને હાસ્યપદ ગણાવ્યા હોવાના આક્ષેપ સાથે ભાજપના કાર્યકરો રસ્તા પર ઉતરી આવ્યા હતા. આ વિરોધ પ્રદર્શનમાં ભાજપના



કાર્યકરો અને મહિલાઓએ રાહુલ ગાંધીના પૂતળાને ચપ્પલ મારી પોતાનો રોષ વ્યક્ત કર્યો હતો અને ''રાહુલ ગાંધી હાય હાય'' ના ગગનભેદી સૂત્રોચ્ચાર કર્યા હતા. ત્યારબાદ કાર્યકરોએ રાહુલ ગાંધીના પૂતળાનું દહન કરીને ઉગ્ર વિરોધ નોંધાવ્યો હતો. આ કાર્યક્રમમાં અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલ કાનાણી અને જિલ્લા યુવા ભાજપ પ્રમુખ ચેતન ધાનાણીની આગેવાનીમાં મહિલા મોરચા સહિત વિવિધ સંગઠનોના હોદ્દેદારો અને મોટી સંખ્યામાં કાર્યકરો જોડાયા હતા. ભાજપના નેતાઓએ જણાવ્યું હતું કે દેશનું અપમાન કરનારા નિવેદનો ચલાવી લેવામાં આવશે નહીં.

# ભીંગરાડ ગામથી આસોદર ગામ વચ્ચે ઈકો ચાલકે ટુ વ્હીલરને અડફેટે લીધું

લાઠી, તા.૨૪

લાઠીના ભીંગરાડ ગામથી આસોદર ગામ તરફ ઈકો ચાલકે ટુ વ્હીલરને અડફેટે લીધું હતું. જેમાં ચાલકને ઈજા પહોંચી હતી. બનાવ અંગે અતુલભાઈ છનાભાઈ રાઠોડ (ઉ.વ.૩૨) એ ઈકો નંબર GJ 14 AK 2907 ના ચાલક સામે ફરિયાદ નોંધાવી હતી. જે મુજબ, ફરિયાદી પોતાના હવાલાવાળી મોટર સાઈકલ લઈને જતા હતા ત્યારે આસોદર ગામથી ભીંગરાડ ગામ તરફ ભીંગરાડથી આશરે એકાદ કિ.મી દુર ભીંગરાડ તરફથી એક ઈકો ગાડીના ચાલકે પોતાના હવાલાવાળી ઈકો ગાડી પુરઝડપે અને બેફિકરાઈથી માનવ જીંદગી જોખમાય તે રીતે ચલાવી રોંગ સાઈડમાં આવી તેમની મોટર સાયકલ સાથે ભટકાવી તેમને જમણા હાથે તથા નાકના ભાગે ફેકચર કરી તથા મોઢાના અંદરના ભાગે ૧૦ ટાકા આવે તેવી ઈજા કરી હતી. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ બી એલ ખેર વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીની દામાણી હાઈસ્કૂલમાં વડાપ્રધાનના 'મન કી બાત' કાર્યક્રમનું જીવંત પ્રસારણ યોજાયું

ધારી, તા.૨૪

ધારીની દામાણી હાઈસ્કૂલ ખાતે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રજોગ સંવાદના માધ્યમ એવા 'મન કી બાત' કાર્યક્રમના તાજેતરના એપિસોડને નિહાળવા માટે એક વિશેષ પ્રસારણ કાર્યક્રમનું આયોજન થયું હતું. વડાપ્રધાનના વિચારો જન-જન સુધી પહોંચે તેવા ઉમદા હેતુ સાથે યોજાયેલા આ કાર્યક્રમમાં સ્થાનિક રાજકીય અને સામાજિક અગ્રણીઓ



તસવીર : સંજય વાળા

મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. શાળાના સભાખંડમાં ટેલિવિઝનના માધ્યમથી વડાપ્રધાનના સંબોધનનું લાઈવ પ્રસારણ કરવામાં આવ્યું હતું. કાર્યક્રમ દરમિયાન પ્રધાનમંત્રીએ રાષ્ટ્રના સર્વાંગી વિકાસ, પર્યાવરણ સુરક્ષા, ટેકનોલોજીનો ઉપયોગ અને સ્થાનિક સ્તરે થતી નવતર કામગીરી વિશે જે મહત્વની વિગતો રજૂ કરી હતી.

આ કાર્યક્રમમાં કેતનભાઈ સોની, પરેશભાઈ પટણી, સુરેશભાઇ ગમારા, પ્રકાશભાઈ કારીયા, ઉમેશભાઈ ધાંધલ, અરવિંદભાઈ રંગપરીયા, રમેશભાઈ મકવાણા, ચિરાગભાઈ પરમાર વગેરે ઉપસ્થિત રહ્યા હતા.

# 'જજમેન્ટ જે આવે તે તને મુકવો નથી' કહી યુવકને ફટકાર્યો

જાફરાબાદ, તા.૨૪

જાફરાબાદમાં એક યુવકને જજમેન્ટ જે આવે તે તને મુકવો નથી કહીને ફટકાર્યો હતો. બનાવ અંગે અજીમભાઈ સલીમભાઈ ભટ્ટી (ઉ.વ.૪૮) એ એજાજ ઉર્ફ માથાળો સામે ફરિયાદ નોંધાવી હતી. તેઓ સવારે તેમના મિત્રને બોલાવવા જતા હતા ત્યારે પાંચપીરની દરગાહ પાસે સામાવાળા મળતા કહ્યું કે જજમેન્ટ જે આવે તે તને મુકવો નથી, માર મારવાનો છે તેમ કહી ગુનાહિત ધમકી આપી હતી.

# રાજુલામાં સાડી લેવા ગયેલી યુવતી લાપતા બની

રાજુલા, તા.૨૪

રાજુલામાં રહેતી એક યુવતી સાડી લેવા ગયા બાદ ગાયબ થઈ હતી. શોધખોળ કરવા છતાં કોઈ ભાળ ન મળતાં પોલીસને જાણ કરી હતી. ચીરાગભાઈ સવજીભાઈ મકવાણા (ઉ.વ.૨૮)એ જાહેર કર્યા મુજબ, વૈશાલીબેન (ઉ.વ.૨૫) દુર્લભનગરમાં નાથાભાઈના ઘરે સાડી લેવા ગયા હતા અને ત્યાંથી ક્યાંક જતા રહ્યા હતા. રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ.એસ. બાંભણીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# રાજુલાના ડુંગરની કુમારશાળા નં-૧ના શિક્ષકોનો વિદાય સમારંભ યોજાયો

રાજુલા,તા.૨૪

રાજુલા તાલુકાના ડુંગર ગામે આવેલી કુમારશાળા નં-૧ માં ફરજ બજાવતા આચાર્ય દીપકભાઈ પંડ્યા તથા જીગ્નાશાબેન જોશીની બદલી નિમિત્તે એક ભાવસભર વિદાય સમારંભનું આયોજન કરવામાં આવ્યું હતું. દીપકભાઈ પંડ્યા છેલ્લા ૮ વર્ષથી શાળામાં નિષ્ઠાપૂર્વક અને સમર્પિત



તસવીર : ગોપાલ રાઠોડ

ભાવથી ફરજ બજાવતા હતા અને તેમના કાર્યકાળ દરમિયાન તેમણે શૈક્ષણિક તેમજ સહપાઠ્ય પ્રવૃત્તિઓમાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. દીપકભાઈ પંડ્યાએ શાળામાં સેવા આપતા વિદ્યાર્થીઓના સર્વાંગી વિકાસ માટે સતત પ્રયત્નો કર્યા હતા. કાર્યક્રમના અંતે શાળા પરિવાર દ્વારા તેમને શાલ, સન્માનપત્ર અને સ્મૃતિચિહ્ન અર્પણ કરવામાં આવ્યા હતા અને તેમની નવી નિમણૂક સ્થળે ઉજ્જવળ ભવિષ્ય, ઉત્તમ આરોગ્ય અને સતત સફળતા માટે હાર્દિક શુભેચ્છાઓ પાઠવવામાં આવી હતી.

# વંડાની પી.પી.એસ. હાઈસ્કૂલમાં 'વિશ્વ માતૃભાષા દિન' ની ઉજવણી

વંડા,તા.૨૪

સાવરકુંડલાના વંડાની પી.પી. એસ. હાઈસ્કૂલમાં 'વિશ્વ માતૃભાષા દિન'ની શાનદાર ઉજવણી કરવામાં આવી હતી. આ જ્ઞાનવર્ધક કાર્યક્રમમાં શાળાના વિશાળ સંખ્યામાં વિદ્યાર્થીઓ, શિક્ષકગણ, સંચાલક મંડળ અને ગ્રામજનોએ ભારે હર્ષોલ્લાસ સાથે ભાગ લીધો હતો. આ કાર્યક્રમમાં મુખ્ય વક્તા અને માર્ગદર્શક તરીકે અમરેલી



જિલ્લાના પ્રખર શિક્ષણવિદ પ્રહલાદભાઈ ચૌહાણ અને જાણીતા કેળવણીકાર તથા સાહિત્યપ્રેમી પ્રવિણભાઈ ઝીંઝુવાડીયા ઉપસ્થિત રહ્યા હતા. વિદ્યાર્થીઓ દ્વારા માતૃભાષાના અખૂટ મહિમાને દર્શાવતા વિવિધ પ્રાદેશિક ગીતો, કાવ્યપઠન અને વક્તવ્યો રજૂ કરવામાં આવ્યા હતા, પ્રહલાદભાઈ ચૌહાણે જણાવ્યું હતું કે, બાળકના મગજનુ સર્વાંગી ઘડતર અને જ્ઞાનાત્મક વિકાસ માતૃભાષામાં જ સૌથી શ્રેષ્ઠ અને ઝડપી રીતે થઈ શકે છે. શાળાના આચાર્યએ શાળામાં માતૃભાષાના વિકાસ અને વિદ્યાર્થીઓના સર્વાંગી ઘડતર માટે ચાલતી વિવિધ સહ-અભ્યાસિક પ્રવૃત્તિઓની વિસ્તૃત માહિતી આપી હતી.

# અમરેલીમાં યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ જિલ્લા કક્ષાનું સહકારી મહાસંમેલન યોજાયું

અમરેલી,તા.૨૪

અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ અને યુવા નેતા મનીષ સંઘાણીના માર્ગદર્શન હેઠળ અમરેલી જીલ્લા સંઘના ૭૪ વર્ષ પૂર્ણ કરી ૭૫મા વર્ષના મંગલ પ્રવેશ અંતર્ગત 'સહકારથી સમૃધ્ધિ' જીલ્લા કક્ષાનું સહકારી મહાસંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમના અધ્યક્ષ તરીકે ઈફકો અને ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી, જ્યારે કાર્યક્રમના ઉદ્ઘાટક તરીકે ગુજરાત રાજ્ય સહકારી સંઘના અધ્યક્ષ ઘનશ્યામભાઈ અમીન ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં અતિથિ વિશેષ તરીકે અમરેલી જીલ્લા ભાજપ અધ્યક્ષ અતુલભાઈ કાનાણી, અમર ડેરીના અધ્યક્ષ અશ્વિનભાઈ સાવલિયા, અમરેલી જીલ્લા સહકારી ખરીદ-વેચાણ સંઘના અધ્યક્ષ જયંતીભાઈ પાનસુરીયા, અમર ડેરીના ઉપાધ્યક્ષ મુકેશભાઈ સંઘાણી, ધી અમરેલી જીલ્લા મધ્યસ્થ સહકારી બેન્કના ઉપાધ્યક્ષ અરુણભાઈ પટેલ,



અમરેલી જીલ્લા સહકારી સંઘના ઉપાધ્યક્ષ હરજીભાઈ નારોલા, માનદમંત્રી જયંતીભાઈ વઘાસીયા, ડાયરેક્ટર ધીરુભાઈ વાળા, શરદભાઈ પંડ્યા, અમરીશભાઈ જોષી, જયભાઈ મસરાણી, નારણભાઈ ધંધુકિયા, દેવભાઈ વરુ વગેરે આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા. આ કાર્યક્રમમાં ૩૭૦ જેટલા સહભાગીઓએ ભાગ લીધો હતો. તમામ મહેમાનોનું પુષ્પગુચ્છ અને શાલથી સ્વાગત કરવામાં આવ્યું હતું.

અમરેલી જીલ્લા સહકારી સંઘના અધ્યક્ષ મનીષ સંઘાણીએ પોતાના ઉદ્દ્બોધનમાં યુવા અને મહિલાઓનું સહકારિતામાં મહત્વ સમજાવ્યું હતું અને પોતાના ૬ વર્ષના કાર્યકાળ દરમિયાન કરવામાં આવેલ કામગીરીની માહિતી રજુ કરી હતી. ત્યારબાદ ઈફ્કો અને ગુજકોમાસોલના અધ્યક્ષ દિલીપભાઈ સંઘાણી દ્વારા સહકારી પ્રવૃતિને વેગ આપવા માટે જીલ્લા સહકારી સંઘ દ્વારા થઈ રહેલી કામગીરીની સરાહના કરવામાં આવી હતી. અમરેલી જીલ્લા સંઘ દ્વારા તમામ ભાગ લેનાર સહભાગીઓને સર્ટીફીકેટ અને ગીફ્ટ આપવામાં આવી હતી. આ સમગ્ર કાર્યક્રમનું સંચાલન અમરેલી જીલ્લા સહકારી સંઘના એક્ઝીક્યુટીવ ઓફિસર ભાર્ગવ ત્રિવેદી દ્વારા કરવામાં આવ્યું હતું. કાર્યક્રમને સફળ બનાવવા માટે સંઘના સી.ઈ.આઈ. સાગર મહેતા, રાજે બા ઝાલા, રૂપલબેન ડાભી, જીતેન્દ્રભાઈ ભડોરીયા, ભીખુ ડાભી, નૈમીશભાઈ વિરડીયા, રોહિતભાઈ વગેરે દ્વારા ભારે જહેમત ઉઠાવવામાં આવી હતી.




**//એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//**

અપીલ રજી. નં.૫૭/૨૦૨૬

અરજદાર :- શ્રી ચતુરભાઈ કેશવભાઈ પેથાણી
રહે. વાંકીયા, તા. જી. અમરેલી

**વિરૂધ્ધ**

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મું. વાંકીયા, તા. જી. અમરેલી

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના વાંકીયા ગામમાં અરજદાર શ્રી ચતુરભાઈ કેશવભાઈ પેથાણી તેઓના પુત્રી રમીલાબેન કેશવભાઈ પેથાણીની જન્મ (તા.૩૧/૦૫/૧૯૬૭) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

**-:: જાહેર નોટીસ ::-**

**-//એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ સાહેબની કોર્ટમાં, કોડીનાર//-**

અરજી નં.10/2026
જન્મ તારીખ : 17/05/1975

શ્રી બાલુભાઈ ડાયાભાઈ સોસા,
રહે.ફાચરીયા ગામ-ફાચરીયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ
વકીલશ્રી જી.એન.સોલંકી, કોડીનાર

**વિરૂધ્ધ**

રજીસ્ટારશ્રી (જન્મ-મરણ) અને તલાટી કમ મંત્રીશ્રી,
ગ્રામ પંચાયત કચેરી, ફાચરીયા, તાલુકો-કોડીનાર,
જિલ્લો-ગીરસોમનાથ

**બાબત : જન્મ-મરણ નોંધણી અન્વયે મરણની નોંધણી કરાવવા બાબત**

આથી જાહેર જનતા જોગ આ નોટીસ દ્વારા જાણ કરવામાં આવે છે કે, આ કામના અરજદારશ્રી શ્રી બાલુભાઈ ડાયાભાઈ સોસા, રહે.ફાચરીયા, તાલુકો-કોડીનાર, જિલ્લો-ગીર સોમનાથ વાળાએ તેમના દાદા સ્વ. રામાભાઈ સુરાભાઈ સોસાનું મરણ તારીખ.17/05/1975ના રોજ કોડીનાર તાલુકાના ફાચરીયા મુકામે થયેલ છે,જે અન્વયે આ કામના સામાવાળા આ મતલબનો દાખલો કાઢી આપે તે મુજબની અરજી અત્રેની કોર્ટમાં ઉપરોક્ત નંબરથી કરેલ છે.

આ અરજી સામે જે કોઈ ઈસમ, વ્યક્તિ, સંસ્થા, બોર્ડ કે કોઈપણને વાંધો કે તકરાર હોય તેમણે આધાર-પુરાવા સાથે, જાતે અગર તેમના વકીલશ્રી મારફતે અત્રેની કોર્ટમાં દિન-૩૦માં કચેરી સમય દરમ્યાન રજુ કરવાનું રહેશે અન્યથા અત્રેની કોર્ટ તરફથી આગળની ધારાસરની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ રોજ તા.૧૩ માહેઃ ફેબ્રુઆરી ૨૦૨૬નાં રોજ કોર્ટનો સહી સીક્કો કરી આપ્યો.

હુકમથી
સહી
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
કોડીનાર

**મામલતદાર કચેરી અને એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટની કચેરી, વિસાવદર**

કોર્ટ રોડ, વિસાવદર

નં. એમએજી/કેસ નં.૩૦/૨૦૨૬ તા.૨૩/૦૨/૨૦૨૬

શ્રી વિશ્વાસભાઈ પુનાભાઈ માલણીયા
રહે.હસનાપુર, તા. વિસાવદર
........અરજદાર

-::વિરૂધ્ધ::-

જન્મ-મરણ રજીસ્ટ્રાર અને (રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા. વિસાવદર)
ઠે. રેન્જ ફોરેસ્ટ ઓફીસ, સતાધાર રોડ, હનુમાનપરા, વિસાવદર .........સામાવાળા

**-:: જાહેર નોટીસ ::-**

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અરજદાર શ્રી વિશ્વાસભાઈ પુનાભાઈ માલણીયા રહે. હસનાપુર, તા.વિસાવદર એ તેમના પિતા શ્રી પુનાભાઈ ઘોસાભાઈ માલણીયાનું મરણ તા.૨૭/૦૪/૧૯૯૮ ના રોજ વિસાવદર તાલુકાના હસનાપુર ગામ મુકામે થયેલ છે જેની નોંધ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા. વિસાવદરના મરણ રજીસ્ટરે લખવાની રહી ગયેલ છે. જે નામ જન્મ મરણ રજીસ્ટ્રાર અને રાઉન્ડ ફોરેસ્ટરશ્રી-રાજપરા, તા. વિસાવદરના મરણ રજીસ્ટરે નોંધ કરવા અત્રેની કોર્ટમાં અરજી કરેલ છે. આ કામના સામાવાળા જન્મ નોંધ દફતરે ચડાવી આપવા સામે કોઈને વાંધો હરકત સરખુ હોય તો આધારો તેમને જાતે અગર તેમના મુખત્યાર અથવા વકીલ મારફત અત્રેની કોર્ટમાં દિન-૩૦માં વાંધા રજુ કરવા આથી જણાવવામાં આવે છે. કસુર થયેથી ગેરહાજરીમાં હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૩ મી ફેબ્રુઆરી ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યું.

તૈયાર કરનાર
સહી.
(પી.વી. શિંગડીયા)
નાયબ મામલતદાર
વિસાવદર

કોર્ટનો સિક્કો

હુકમથી
સહી.
(આર.એન.ખોડભાયા)
એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
વિસાવદર

શું તમને સાંભળવાની તકલીફ છે ?
- નિષ્ણાંત ઓડીયોલોજીસ્ટ દ્વારા બહેરાશની તપાસ
- બહેરાશ પ્રમાણે કાનના મશીનની સુવિધા
- વડીલો માટે આધુનિક મશીનો વ્યાજબી કિંમતમાં
- જર્મની, ડેન્માર્કની કંપનીના મશીન વોરંટી સાથે મળશે.
- પેન્શનરો અને તેના આશ્રિતોને મશીનમાં 100% સહાય

કાનના મશીન
કાનની અંદરનું મશીન | કાનની પાછળનું મશીન

અવતાર
સ્પીચ અને હિયરીંગ ક્લિનીક
ગોલ્ડન પ્લાઝા, પૂજારા ટેલિકોમની ઉપર, અમરેલી. મો. 72650 63363

તંત્રી લેખ

# આતંકવાદ સામે જોરદાર પ્રહાર

ભારત આતંકવાદ સામેની લાંબી લડતમાં હવે નવી વ્યૂહરચના સાથે આગળ વધ્યું છે. ગૃહ મંત્રાલય દ્વારા ઘડાયેલી રાષ્ટ્રીય આતંકવાદ વિરોધી નીતિ "પ્રહાર" દેશની સુરક્ષા વ્યવસ્થામાં એક મહત્વપૂર્ણ ફેરફાર દર્શાવે છે. "પ્રહાર" નો અર્થ છે નિવારણ, પ્રતિભાવ અને આતંકવાદ વિરોધી સ્વસ્થ અભિગમ. આ નીતિની સૌથી નોંધપાત્ર બાબત એ છે કે તેમાં પ્રથમ વખત ડિજિટલ જોખમોને પણ આતંકવાદના વ્યાપમાં ગણવામાં આવ્યા છે. આજના સમયમાં સાઈબર હુમલા, હેકિંગ, ડાર્ક વેબ અને ક્રિપ્ટો વોલેટ્સ મારફતે થતું ભંડોળ આતંકવાદી પ્રવૃત્તિઓને નવી દિશા આપે છે. તેથી સુરક્ષાની વ્યાખ્યા હવે માત્ર સરહદો સુધી મર્યાદિત રહી નથી, પરંતુ ડિજિટલ જગતમાં પણ વિસ્તરી છે. "પ્રહાર" સ્પષ્ટ કરે છે કે ભારત આતંકવાદને કોઈ સંપ્રદાય, જાતિ કે રાષ્ટ્રીયતા સાથે જોડતું નથી. આ દ્રષ્ટિકોણ દેશની બહુરંગી અને બહુમૂલ્ય સામાજિક રચનાને જાળવી રાખવા માટે આવશ્યક છે. આતંકવાદી પ્રવૃત્તિઓને એક ચોક્કસ સમુદાય સાથે સાંકળવાની પ્રવૃત્તિ સામાજિક વિભાજનને જન્મ આપે છે, જે પોતે જ આંતરિક સુરક્ષાને નબળી બનાવે છે. નવી નીતિનો ઉદ્દેશ્ય કડક પગલાં સાથે સાથે સામાજિક સમન્વયને મજબૂત કરવાનો છે. આ નીતિ સાત મુખ્ય સ્તંભો પર આધારિત છે. પ્રથમ સ્તંભ હુમલાના નિવારણ પર ભાર મૂકે છે. સંયુક્ત આઈબી ટાસ્ક ફોર્સ અને બહુ-સંસ્થાકીય કેન્દ્ર દ્વારા માહિતી વહેંચણી વધુ સુવ્યવસ્થિત બનાવાશે. આધુનિક ટેકનોલોજી અને અદ્યતન શસ્ત્રોથી સુરક્ષા દળોને સજ્જ કરવામાં આવશે. આજના સમયમાં માહિતી જ સૌથી મોટું હથિયાર છે. સમયસરની ચોક્કસ માહિતી અનેક હુમલાઓને અટકાવી શકે છે.બીજો સ્તંભ ઝડપી પ્રતિભાવ છે. હુમલા સમયે સ્થાનિક પોલીસ પ્રથમ પગલું ભરશે અને ત્યારબાદ રાષ્ટ્રીય સુરક્ષા ગાર્ડ જેવી વિશેષ દળોની મદદ લેવામાં આવશે. અગાઉના કેટલાક બનાવોમાં પ્રતિસાદ મોડો પડ્યો હોવાની ટીકા થઈ હતી. નવી વ્યવસ્થા સમયબદ્ધ અને સંકલિત કાર્યવાહી પર ભાર મૂકે છે, જે નુકસાન ઓછું કરવામાં મદદરૂપ થઈ શકે છે.ત્રીજો સ્તંભ ક્ષમતા નિર્માણનો છે. સુરક્ષા એજન્સીઓનું આધુનિકીકરણ અને તાલીમ ખૂબ જરૂરી છે. આતંકવાદીઓ સતત નવી રીતો અપનાવે છે, તેથી સુરક્ષા દળોને પણ નવી ટેકનિક, ડિજિટલ ફોરેન્સિક્સ અને સાયબર સુરક્ષાની તાલીમ આપવી અનિવાર્ય બની છે. પોલીસ સંશોધન અને વિકાસ બ્યુરો દ્વારા નવા તાલીમ મોડ્યુલો તૈયાર થવાની પ્રક્રિયા આશાસ્પદ છે.ચોથો મહત્વનો પાસો કાનૂની માળખામાં થયેલા ફેરફારોનો છે. ભારતીય દંડ સંહિતા ૨૦૨૩, ભારતીય નાગરિક સંરક્ષણ સંહિતા ૨૦૨૩ અને ભારતીય પુરાવા અધિનિયમ ૨૦૨૩ને આતંકવાદ વિરોધી માળખામાં સામેલ કરાયા છે. કાનૂની પ્રક્રિયા સ્પષ્ટ અને સશક્ત હશે તો તપાસ અને દંડની પ્રક્રિયા વધુ અસરકારક બની શકે છે. લાંબી કાનૂની લડાઈઓ આતંકવાદી કેસોમાં ન્યાય પ્રણાલીને નબળી બનાવે છે, તેથી સુધારેલા કાયદા સમયની માંગ છે.પાંચમો સ્તંભ કટ્ટર પંથીકરણ સામેની કાર્યવાહીનો છે. આતંકવાદ માત્ર હથિયારોથી જ નથી પેદા થતો, પરંતુ વિચારોમાંથી જન્મે છે. યુવાનોને ગેરમાર્ગે દોરતી વિચારસરણી સામે સમુદાયના નેતાઓ, ધાર્મિક આગેવાનો અને ગેરસરકારી સંસ્થાઓ સાથે મળીને કામ કરવાનું મહત્વપૂર્ણ છે. સમાજના સહકાર વિના સુરક્ષા દળોની લડાઈ અધૂરી રહે છે.છઠ્ઠો સ્તંભ આંતરરાષ્ટ્રીય સહયોગનો છે. આતંકવાદની જાળ વૈશ્વિક છે. પરસ્પર કાનૂની સહાય સંધિઓ, પ્રત્યાર્પણ વ્યવસ્થાઓ અને સંયુક્ત કાર્યકારી જૂથો દ્વારા વિદેશી એજન્સીઓ સાથે સહકાર વધારવો જરૂરી છે. સરહદ પારથી મળતા નાણાં અને ટેકનિકલ સહાયને અટકાવવા માટે વૈશ્વિક સંકલન અનિવાર્ય છે. સાતમો સ્તંભ સામાજિક પુનઃએકતાનો છે. આતંકવાદી હુમલા પછી માત્ર ભૌતિક નુકસાન જ નથી થતું, પરંતુ માનસિક આઘાત પણ ઊંડો હોય છે. મનોવૈજ્ઞાનિકો, વકીલો અને નાગરિક સમાજના સહકારથી પીડિતોને મુખ્ય પ્રવાહમાં પરત લાવવાનો પ્રયાસ કરવો જરૂરી છે. સુરક્ષા નીતિમાં માનવતા જળવાઈ રહેવી જોઈએ.

# અમરેલીના ખીજડીયા કોટડા ગામના એટ્રોસીટીના ચર્ચાસ્પદ કેસમાં સરપંચ અને તેમના પુત્રનો નિર્દોષ છુટકારો

**સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની ધારદાર દલીલો કોર્ટે ધ્યાને લીધી**

અમરેલી,તા.૨૪

જિલ્લામાં ચર્ચાસ્પદ બનેલા અમરેલીના ખીજડીયા કોટડા ગામના એટ્રોસીટીના કેસમાં સરપંચ અને તેમના પુત્રનો નિર્દોષ છુટકારો થયો છે.

આ કેસમાં સીનીયર એડવોકેટ ઉદયન ત્રિવેદીની દલીલોને ધ્યાને લઈ અમરેલીના એડી. સેશન્સ જજ ડી.એસ. શ્રીવાસ્તવે આરોપીઓને નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કર્યો હતો. આ બનાવ તા. ૨૬-૧૦-૨૦૧૯ ના રોજ સવારના ૭ વાગ્યા આસપાસ બન્યો હતો. ફરીયાદી ખીજડીયા કોટડામાં રહે છે. તેઓ અમરેલીની સીવીલ હોસ્પીટલમાં દાખલ હતા ત્યારે ફરીયાદ આપેલી કે, તેઓ બનાવના દિવસે સવારે ૭ વાગ્યે તેમની માતા હંસાબેન સાથે તેમના ભાઈ હરેશ ઉર્ફે જીજ્ઞેશને આગલે દિવસે રાત્રે ૧૦ વાગ્યા આસપાસ



ગામના સરપંચ ગોરધનભાઈ વિસાવળીયા, તેમના દીકરા વિપુલ, અજયભાઈ તથા અશોકભાઈ શંભુભાઈ પટેલ સાથે રાત્રીના ઝઘડો કરીને જતો રહેલ હોય તે બાબતે મા-દિકરી સરપંચની ઘરે જઈ તેમના ભાઈને શા માટે માર મારેલ છે તે બાબતે ઠપકો આપેલો. ગોરધનભાઈ તથા તેમનો દિકરો ઘરે હાજર હોય તે બાબતે તેમની સાથે માથાકુટ થતા ગોરધનભાઈ તથા તેમના દિકરાએ મારકુટ કરી હતી. ફરીયાદીને જ્ઞાતિ વિશે અપમાનજનક ભાષામાં બિભત્સ ગાળો બોલી અને હડધુત કરીને પડખામાં તથા પેટ ઉપર મારતા અસહ્ય દુખાવો થતા તેમને સીવીલ હોસ્પીટલમાં દાખલ થવુ પડેલ હતું. ત્યારબાદ પોલીસે આ બાબતે સરપંચ ગોરધનભાઈ વિસાવળીયા તથા વિપુલભાઈ સામે ગુન્હો નોંધીને તપાસ કરી હતી. તપાસના અંતે આરોપીઓ સામે એટ્રોસીટી એક્ટ તથા આઈ.પી.સી.ની કલમ મુજબ ચાર્જશીટ કરી હતી. આ કેસમાં સરકાર પક્ષે ઘણા સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા, જેમાં પોલીસ અધિકારી તથા સારવાર આપનાર ડોકટર તથા તપાસ કરનાર અધિકારીને બચાવ પક્ષે ફરીયાદીનો કેસ સાબિત કરવા માટે તપાસવામાં આવેલ હતા.

બચાવ પક્ષે પણ સાક્ષીઓ તપાસવામાં આવેલ હતા. પરંતુ આ અંગેનો કેસ સાબીત કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ ગયેલ હતો. એડવોકેટ ઉદયન ત્રિવેદીએ આરોપી તરફે ગુજરાત હાઈકોર્ટ તથા સુપ્રીમ કોર્ટના ચુકાદા રજુ કર્યા હતા. અંતે આરોપીઓને કોર્ટે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરેલ છે.

# ચિતલ ગામે ભૂંડ પકડવાના ધંધાના મનદુઃખમાં ધારીયા વડે હુમલો

અમરેલી, તા.૨૪

ચિતલ ગામે ભૂંડ પકડવાના ધંધાના મનદુઃખમાં યુવક પર હુમલો કરી જાનથી મારવાની ધમકી આપી હતી. બનાવ અંગે દામનગરમાં રહેતા કમલસિંગ કરણસિંગ ડાંગી (ઉ.વ.૨૩)એ બાબરામાં રહેતા સતપાલસિંગ સતુસિંગ ટાંક તથા બે અજાણ્યા ઈસમો સામે નોંધાવેલી ફરિયાદ પ્રમાણે, સતપાલસિંગ ટાંકે તેમની તથા સાહેદ સાથે ભૂંડ પકડવાના ધંધા બાબતેનું મન દુઃખ રાખી ગાળો આપી હતી. તેમજ ધારીયા વડે શરીરે માર મારી બંન્ને પગે તેમજ જમણા હાથે ફેકચર જેવી ગંભીર ઈજા પહોંચાડી હતી. આ સમયે સાહેદ બચાવવા વચ્ચે પડતા આરોપીએ તેને ધારીયાનો હાથ ઉપર ઘા કર્યો હતો. આ ઉપરાંત તેમને તથા સાહેદને મારી નાખવાની ધમકી આપી હતી. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના પીએસઆઈ એન ડી વાજા વધુ તપાસ કરી રહ્યા છે.

# ધારીમાં વ્યાજખોરોના ત્રાસથી પુરુષે ફિનાઈલ પીધું: અમદાવાદી સહિત બે સામે ફરિયાદ

ધારી, તા.૨૪

ધારી પંથકમાં વ્યાજખોરોનો આતંક યથાવત જોવા મળી રહ્યો છે. વગર લાયસન્સે ઉંચા વ્યાજે પૈસા આપીને પઠાણી ઉઘરાણી કરતા બે શખ્સોના ત્રાસથી કંટાળીને એક પુરુષે ફિનાઈલ પીને આત્મહત્યાનો પ્રયાસ કર્યો હોવાની ચોંકાવનારી ઘટના સામે આવી છે. પોલીસે આ મામલે એક અમદાવાદી સહિત બે આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે. આ અંગે ધારી નવી વસાહતમાં રહેતા જીકરભાઈ સીદીભાઈ મોરવાડીયા (ઉ.વ.૬૧) એ ધ્રુતેશભાઈ બાબુભાઈ દેવાણી રહે.અમદાવાદ તથા શાહનવાજભાઈ ઝફરૂલ્લાખાન દુરાણી રહે.ધારી સામે ફરિયાદ નોંધાવી હતી. શાહનવાજભાઈ દુરાણીએ ધ્રુતેશભાઈ દેવાણી સાથે મળીને ફરિયાદીને ગેરકાયદેસર રીતે અને વગર લાયસન્સે ઊંચા વ્યાજે નાણાં ધીર્યા હતા. વ્યાજની રકમ પેટે આરોપીઓએ તેમની અને તેમના પુત્ર આસીફભાઈ પાસેથી ગેરંટી તરીકે કોરા ચેક પણ પડાવી લીધા હતા. પૈસા આપ્યા બાદ બંને આરોપીઓ તેમને ફોન કરી સતત હેરાન કરતા હતા. વ્યાજના પૈસાની ઉઘરાણી માટે તેઓ પઠાણી ઉઘરાણી કરતા અને જ્યારે તેઓ પૈસા આપવામાં અસમર્થ હતા, ત્યારે આરોપીઓએ તેમને જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. વ્યાજખોરોના આ માનસિક ત્રાસ અને જાનથી મારી નાખવાની ધમકીથી ફરિયાદી સંપૂર્ણપણે ભાંગી પડ્યા હતા. અંતે ત્રાસ સહન ન થતા તેમણે ફિનાઈલ પીધું હતું. ધારી પોલીસ સ્ટેશનના પીએસઆઈ આર વી રાઠોડ વધુ તપાસ કરી રહ્યા છે.

# જાફરાબાદમાં 'વોકલ ફોર લોકલ' થીમ આધારિત ભવ્ય સ્વદેશી મેળાનો પ્રારંભ

જાફરાબાદ,તા.૨૪

ગુજરાત સરકાર દ્વારા જાહેર કરાયેલ 'શહેરી વિકાસ વર્ષ (UDY) ૨૦૨૫-૨૬' ની ઉજવણીના ઉપલક્ષમાં જાફરાબાદ નગરપાલિકા દ્વારા એક વિશેષ સ્વદેશી મેળા અને શોપિંગ ફેસ્ટિવલનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. જાફરાબાદ બગીચા ખાતે યોજાયેલ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય 'સ્વદેશી અપનાવો, વિદેશી ભગાવો' ના મંત્રને સાર્થક કરવાનો



તસવીર : બાબુ વાઢેળ

અને સ્થાનિક રોજગારીને વેગ આપવાનો છે. આ મેળામાં એન.યુ.એલ.એમ. વિભાગના સ્વસહાય જૂથો, બહેનો અને શેરી ફેરિયાઓ દ્વારા ઉત્પાદિત ચીજવસ્તુઓના પ્રદર્શન તેમજ વેચાણ માટે સુંદર વ્યવસ્થા કરવામાં આવી છે. આ પ્રસંગે નગરપાલિકા પ્રમુખ પ્રતિનિધિ પ્રફુલભાઈ બારીયા, મનહરભાઈ બારીયા, ઉપપ્રમુખ નિરવભાઈ ઠાકર, ચેરમેન કનૈયાલાલ સોલંકી તથા નગરજનો મોટી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. મેળામાં બાળકો માટે સ્વદેશી રમકડાં, વિવિધ સ્ટોલ્સ અને મનોરંજક રાઈડ્સ આકર્ષણનું કેન્દ્ર બન્યા છે. દરરોજ અહીં વિવિધ સાંસ્કૃતિક અને પ્રાકૃતિક કાર્યક્રમો દ્વારા સ્થાનિક કલાને પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે, જે જાફરાબાદના આર્થિક અને સામાજિક વિકાસમાં મહત્વનું યોગદાન આપશે.

# અમરેલીમાં પત્નીની ફરિયાદ બાદ પતિએ પુત્રી સાથે કૂવામાં ઝંપલાવ્યું

અમરેલી, તા.૨૪

અમરેલીમાં રહેતા એક પુરુષની પત્ની ત્રણ મહિનાથી રિસામણે હતી. જ્યાં તેણે કતારગામ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ કરી હતી.જેથી પતિને મનમાં લાગી આવતાં પુત્રી સાથે કૂવામાં ઝંપલાવ્યું હતું. આ અંગે અમરેલીમાં રહેતા હિતેષભાઈ બાબુભાઈ રામાણી (ઉ.વ.૩૯)એ જાહેર કર્યા મુજબ દિપકભાઈ બાબુભાઈ રામાણી (ઉ.વ.૪૦)ના પત્ની ત્રણ મહિનાથી સુરત રીસામણે હતા. ત્યાં તેમણે કતારગામ મહિલા પોલીસ સ્ટેશનમાં કેસ કર્યો હતો. જેથી મનમાં લાગી આવતાં તેમણે તેમની પુત્રી સાથે વાડીએ કૂવામાં પડતું મૂક્યું હતું. જેના કારણે બાપ-દીકરીના મોત થયા હતા. અમરેલી તાલુકા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ બી. ડી. અમરેલીયા વધુ તપાસ કરી રહ્યા છે.

# સૌરાષ્ટ્રયાર્ડના ભાવ

| | | |
|---|---|---|
| **રાજકોટ** | | |
| કપાસ બી.ટી. | ૧૨૫૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૭૦ | ૫૧૮ |
| ઘઉં ટુકડા | ૪૯૦ | ૫૭૦ |
| જુવાર સફેદ | ૮૫૦ | ૧૧૪૦ |
| બાજરી | ૨૫૦ | ૩૬૫ |
| મકાઇ | ૨૭૦ | ૩૭૦ |
| તુવેર | ૧૪૬૦ | ૧૫૮૦ |
| ચણા પીળા | ૯૨૫ | ૧૦૬૫ |
| ચણા સફેદ | ૧૧૧૫ | ૧૭૭૦ |
| અડદ | ૯૩૦ | ૧૬૪૫ |
| મગ | ૮૩૧ | ૧૫૭૦ |
| વાલ દેશી | ૮૦૦ | ૧૧૫૦ |
| વટાણા | ૮૦૦ | ૧૪૭૫ |
| કળથી | ૩૫૧ | ૫૪૦ |
| રાજમા | ૧૨૦૦ | ૧૭૯૦ |
| મગફળી જાડી | ૧૨૦૦ | ૧૫૪૯ |
| મગફળી જીણી | ૧૨૫૦ | ૧૫૪૦ |
| તલી | ૧૬૫૦ | ૨૦૮૦ |
| એરંડા | ૧૧૬૦ | ૧૨૬૫ |
| અજમો | ૭૨૫ | ૧૯૯૦ |
| સુવા | ૮૦૦ | ૧૦૪૧ |
| સોયાબીન | ૯૩૦ | ૧૦૦૩ |
| સીંગફાડા | ૧૨૫૦ | ૧૬૭૪ |
| કાળા તલ | ૨૩૦૦ | ૪૪૧૨ |
| લસણ | ૮૦૦ | ૧૪૫૦ |
| ધાણા | ૧૪૭૦ | ૨૧૩૦ |
| મરચા સુકા | ૨૩૬૦ | ૬૪૦૦ |
| ધાણી | ૧૫૫૦ | ૨૪૪૦ |
| વરીયાળી | ૧૧૦૦ | ૧૭૧૫ |
| જીરૂ | ૩૫૫૦ | ૪૪૫૧ |
| રાય | ૧૨૨૦ | ૧૪૮૦ |
| મેથી | ૮૯૦ | ૧૪૬૦ |
| કલોંજી | ૨૭૦૦ | ૪૪૭૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૮૦ |
| ગુવારનું બી | ૯૯૫ | ૯૯૫ |
| **રાજકોટ (શાકભાજી)** | | |
| લીંબુ | ૮૩૪ | ૧૬૫૮ |
| પપૈયા | ૮૪ | ૧૪૪ |
| બટેટા | ૭૮ | ૧૭૯ |
| ડુંગળી સુકી | ૫૦ | ૨૫૮ |
| ટમેટા | ૮૭ | ૨૧૧ |
| સુરણ | ૮૦૭ | ૧૦૧૧ |
| કોથમરી | ૧૦૬ | ૧૬૦ |
| સકરીયા | ૪૫૮ | ૬૬૭ |
| મુળા | ૪૧૩ | ૬૦૯ |
| રીંગણા | ૧૯૮ | ૬૦૭ |
| કોબીજ | ૮૪ | ૧૨૩ |
| ફ્લાવર | ૨૧૧ | ૪૧૭ |
| ભીંડો | ૭૯૬ | ૧૩૧૩ |
| ગુવાર | ૧૦૦૮ | ૨૦૨૩ |
| ચોળાસીંગ | ૮૧૩ | ૧૨૧૪ |
| વાલોળ | ૧૯૮ | ૫૧૩ |
| ટીંડોળા | ૨૧૪ | ૩૨૩ |
| દુધી | ૧૦૪ | ૩૦૨ |
| કારેલા | ૭૯૭ | ૧૦૧૪ |
| સરગવો | ૭૨૩ | ૧૩૨૯ |
| તુરીયા | ૪૦૧ | ૮૧૫ |
| પરવર | ૧૪૩૧ | ૧૯૭૭ |
| કાકડી | ૩૯૧ | ૬૦૩ |
| ગાજર | ૨૧૧ | ૩૩૬ |
| વટાણા | ૪૩૩ | ૬૨૪ |
| તુવેરસીંગ | ૩૦૧ | ૫૬૪ |
| ગલકા | ૩૯૮ | ૬૦૯ |
| બીટ | ૬૫ | ૧૪૭ |
| મેથી | ૧૫૭ | ૨૨૧ |
| વાલ | ૮૦૩ | ૧૦૧૩ |
| ડુંગળી લીલી | ૨૧૭ | ૩૨૮ |
| આદુ | ૯૨૬ | ૧૧૩૨ |
| ચણા લીલા | ૧૧૫ | ૨૩૭ |
| મરચા લીલા | ૪૨૩ | ૬૦૩ |
| હળદર લીલી | ૩૧૭ | ૫૦૬ |
| લસણ લીલું | ૭૦૮ | ૧૧૨૪ |
| મકાઇ લીલી | ૧૬૮ | ૨૮૪ |
| **ગોંડલ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| મગફળી જીણી | ૧૧૫૦ | ૧૫૯૬ |
| સિંગદાણા જાડા | ૧૩૪૧ | ૧૬૫૧ |
| સિંગ ફાડીયા | ૭૦૦ | ૧૫૭૧ |
| એરંડા / એરંડી | ૧૧૦૧ | ૧૨૮૧ |
| મરચા સૂકા પટ્ટો | ૧૪૦૧ | ૮૨૦૧ |
| ડુંગળી લાલ | ૫૬ | ૨૮૬ |
| અડદ | ૧૧૫૧ | ૧૬૬૧ |
| તુવેર | ૧૦૫૧ | ૧૬૧૧ |
| રાયડો | ૮૫૦ | ૧૧૬૧ |
| રાય | ૧૧૭૬ | ૧૧૭૬ |
| મેથી | ૬૫૧ | ૧૪૫૧ |
| કાંગ | ૪૫૦ | ૫૬૧ |
| સુરજમુખી | ૧૦૦૧ | ૧૦૦૧ |
| મરચા | ૧૭૫૧ | ૬૯૦૧ |
| મગફળી જાડી | ૧૦૫૧ | ૧૫૮૬ |
| તલ - તલી | ૧૨૫૦ | ૨૧૨૬ |
| ડુંગળી સફેદ | ૧૯૧ | ૨૫૬ |
| બાજરો | ૨૭૧ | ૩૦૦ |
| જુવાર | ૧૦૬૧ | ૧૦૬૧ |
| મગ | ૧૩૦૧ | ૧૫૦૧ |
| વાલ | ૩૭૬ | ૧૧૭૧ |
| ચોળા / ચોળી | ૩૪૧ | ૩૪૧ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૦૬ |
| ગોગળી | ૮૪૧ | ૧૧૨૧ |
| વટાણા | ૩૦૧ | ૧૦૮૧ |
| **ગોંડલ (શાકભાજી)** | | |
| ટમેટા | ૪૦ | ૩૦૦ |
| મરચા | ૨૦૦ | ૧૨૦૦ |
| ગુવાર | ૨૦૦ | ૨૦૦૦ |
| કોબી | ૩૦ | ૨૦૦ |
| દુધી | ૪૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦ | ૩૦૦ |
| કાકડી | ૨૦૦ | ૬૦૦ |
| રીંગણા | ૨૦૦ | ૬૦૦ |
| ભીંડો | ૨૦૦ | ૮૦૦ |
| ગલકા | ૨૦૦ | ૪૦૦ |
| ગાજર | ૧૬૦ | ૪૪૦ |
| ટિંડોરા | ૨૦૦ | ૮૦૦ |
| તુવેર | ૩૦૦ | ૭૦૦ |
| વાલ | ૧૮૦ | ૧૨૦૦ |
| વટાણા | ૨૦૦ | ૭૦૦ |
| શક્કરીયા | ૨૦૦ | ૪૦૦ |
| કેરી કાચી | ૧૦૦૦ | ૨૮૦૦ |
| બટેટા | ૧૦૦ | ૨૪૦ |
| ડુંગળી પુરા | ૪ | ૧૦ |
| કોથમીર પુરા | ૪ | ૮ |
| મૂળા પુરા | ૩ | ૧૦ |
| ફોદીનો પુરા | ૧ | ૨ |
| પચકારુ | ૩૦૦ | ૫૦૦ |
| ઘીસોડા | ૧૦૦ | ૭૦૦ |
| લીંબુ | ૨૦૦ | ૧૬૦૦ |
| મેથી પુરા | ૧ | ૫ |
| બીટ પુરા | ૫ | ૮ |
| સરગવો પુરા | ૧૦ | ૩૦ |
| ચોરા | ૨૦૦ | ૧૦૦૦ |
| કારેલા | ૨૦૦ | ૧૦૦૦ |
| વાલોર | ૨૦૦ | ૫૦૦ |
| કાચા પોપૈયા | ૩૦ | ૨૦૦ |
| આદુ | ૨૦૦ | ૧૩૦૦ |
| ફણશી | ૮૦૦ | ૧૦૦૦ |
| મકાઈ ડોડા | ૨૦૦ | ૩૦૦ |
| લસણ પુરા | ૬ | ૧૫ |
| પાલક પુરા | ૨ | ૪ |
| **અમરેલી** | | |
| શિંગ મઠડી | ૮૦૦ | ૧૪૩૦ |
| ગીરનાર શિંગ | ૧૩૭૦ | ૧૩૯૦ |
| શિંગ મોટી | ૭૮૦ | ૧૪૪૦ |
| શિંગ દાણા | ૧૪૦૦ | ૧૬૫૦ |
| શિંગ દાણા ફાડા | ૧૬૧૦ | ૧૬૭૦ |
| તલ સફેદ | ૧૦૩૦ | ૨૦૩૦ |
| બાજરો | ૫૮૦ | ૫૮૦ |
| જુવાર | ૧૦૧૦ | ૧૦૧૦ |
| ઘઉં ટુકડા | ૩૮૫ | ૬૩૦ |
| ઘઉં લોકવન | ૪૦૦ | ૫૩૫ |
| અડદ | ૧૪૧૫ | ૧૪૧૫ |
| ચણા | ૭૫૦ | ૧૦૬૫ |
| સફેદ ચણા | ૯૦૦ | ૧૨૦૦ |
| છોલે ચણા | ૧૮૦૦ | ૧૮૦૦ |
| તુવેર | ૭૭૦ | ૧૫૪૫ |
| કપાસ | ૮૦૦ | ૧૬૨૫ |
| એરંડા | ૧૧૭૫ | ૧૨૬૫ |
| જીરુ | ૩૫૩૦ | ૪૨૬૦ |
| ધાણા | ૧૪૦૦ | ૧૯૧૦ |
| ધાણી | ૧૪૧૫ | ૨૭૬૫ |
| સોયાબીન | ૮૫૦ | ૯૮૫ |
| મરચાં લાંબા | ૧૦૮૦ | ૬૫૮૦ |
| કાંગ | ૪૫૫ | ૫૪૦ |
| **અમરેલી (શાકભાજી)** | | |
| બટેટા | ૧૫૦ | ૨૧૦ |
| રીંગણા | ૩૦૦ | ૪૦૦ |
| ફ્લાવર | ૨૦૦ | ૨૪૦ |
| કોબીજ | ૧૪૦ | ૨૦૦ |
| શક્કરીયા | ૪૦૦ | ૬૦૦ |
| ટમેટાં | ૧૧૦ | ૩૦૦ |
| સુરણ | ૮૦૦ | ૯૦૦ |
| ગાજર | ૨૦૦ | ૨૫૦ |
| દુધી | ૧૫૦ | ૨૨૦ |
| કારેલા | ૬૦૦ | ૭૦૦ |
| ગલકા | ૪૦૦ | ૫૦૦ |
| મૂળા | ૧૫૦ | ૨૩૦ |
| કાકડી | ૨૦૦ | ૩૦૦ |
| ગુવાર | ૧૨૦૦ | ૧૬૦૦ |
| વાલોળ | ૨૦૦ | ૩૨૦ |
| વટાણા | ૫૦૦ | ૫૬૦ |
| ચોળા લીલા | ૮૫૦ | ૯૫૦ |
| તુરીયા | ૪૦૦ | ૫૫૦ |
| ચણા લીલા | ૧૧૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૫૫૦ | ૬૫૦ |
| ભીંડો | ૭૦૦ | ૮૦૦ |
| આદુ | ૧૧૦૦ | ૧૨૫૦ |
| કોથમીર | ૧૦૦ | ૨૦૦ |
| મેથીભાજી | ૨૨૦ | ૩૨૦ |
| ફોદીનો | ૭૦૦ | ૮૩૦ |
| ટીંડોરા | ૮૦૦ | ૯૦૦ |
| બીટ | ૨૦૦ | ૨૫૦ |
| સરગવો | ૫૦૦ | ૬૦૦ |
| લીમડો મીઠો | ૧૯૦ | ૨૧૦ |
| મરચાં લીલાં | ૪૦૦ | ૭૦૦ |
| મરચાં લાલ | ૧૧૦૦ | ૧૨૦૦ |
| ડુંગળી લીલી | ૨૨૦ | ૩૨૦ |
| ડુંગળી સુકી | ૧૦૦ | ૩૩૦ |
| લસણ લીલું | ૫૦૦ | ૭૦૦ |
| લસણ સુકું | ૧૦૫૦ | ૨૦૫૦ |
| વાલ | ૫૦૦ | ૬૦૦ |
| પાલક | ૩૦૦ | ૪૧૦ |
| લીબુ | ૬૦૦ | ૧૨૦૦ |
| મકાઈ | ૨૫૦ | ૩૦૦ |
| **સાવરકુંડલા** | | |
| શીંગ જીણી | ૧૩૧૦ | ૧૫૦૦ |
| શીંગ મોટી | ૧૩૩૦ | ૧૫૨૦ |
| તલ સફેદ | ૧૬૦૦ | ૨૦૦૦ |
| જીરૂ | ૩૫૦૦ | ૪૦૭૧ |
| કપાસ | ૧૪૦૦ | ૧૬૦૦ |
| ઘઉં લોકવન | ૪૩૦ | ૫૪૦ |
| ઘઉં ટુકડા | ૫૦૦ | ૫૬૦ |
| બાજરો | ૩૦૦ | ૬૦૦ |
| જુવાર | ૬૫૦ | ૧૧૨૧ |
| અડદ | ૯૦૦ | ૧૩૧૦ |
| ચણા | ૯૨૦ | ૧૦૭૦ |
| દેશી ચણા | ૧૦૦૦ | ૧૨૦૦ |
| તુવેર | ૧૩૦૦ | ૧૬૧૨ |
| એરંડી | ૧૦૫૦ | ૧૨૫૨ |
| ધાણા | ૧૫૦૦ | ૨૧૦૦ |
| સોયાબીન | ૮૦૦ | ૧૦૦૦ |
| **બાબરા** | | |
| કપાસ શંકર | ૧૪૩૦ | ૧૬૨૮ |
| કપાસ મીડી. | ૧૨૬૦ | ૧૩૯૦ |
| મગફળી જી ૨૦ | ૧૧૩૫ | ૧૪૭૫ |
| ચણા | ૧૦૦૫ | ૧૦૫૫ |
| જીરૂ | ૩૨૨૦ | ૪૫૦૦ |
| ઘઉં | ૪૮૦ | ૫૩૦ |
| તુવેર | ૧૧૨૫ | ૧૪૩૫ |
| ધાણા | ૧૨૪૫ | ૨૦૭૫ |
| **બગસરા** | | |
| કપાસ | ૧૨૦૦ | ૧૫૮૬ |
| ઘઉં લોકવન | ૩૯૫ | ૪૪૩ |
| ઘઉ ટુકડા | ૪૦૫ | ૪૯૦ |
| ચણા | ૯૫૦ | ૧૦૩૧ |
| ધાણા | ૧૪૯૦ | ૧૭૫૦ |
| તલ સફેદ | ૧૦૦૦ | ૧૭૦૫ |
| સોયાબીન | ૯૫૦ | ૯૫૧ |
| મગફળી | ૯૨૦ | ૧૧૭૦ |
| તુવેર | ૧૦૦૦ | ૧૩૫૦ |
| ધાણી | ૧૬૦૦ | ૧૬૦૦ |
| અડદ | ૮૫૫ | ૧૦૦૦ |
| જુવાર | ૯૩૫ | ૯૩૫ |
| શીંગ દાણા | ૧૨૪૫ | ૧૪૪૦ |
| **લીલીયા મોટા** | | |
| કપાસ | ૧૦૫૦ | ૧૪૩૨ |
| **ધારી** | | |
| મગફળી | ૧૧૯૫ | ૧૩૧૫ |
| ઘઉં | ૪૫૧ | ૫૨૧ |
| તુવેર | ૧૦૦૦ | ૧૫૦૪ |
| ધાણા | ૧૪૬૦ | ૧૪૬૦ |
| મકાઇ | ૫૦૦ | ૫૦૦ |
| ચોળી | ૮૨૫ | ૮૨૫ |
| સફેદ તલ | ૧૬૫૦ | ૧૬૫૦ |
| કાળા તલ | ૨૯૦૦ | ૨૯૦૦ |
| રાયડો | ૧૦૭૬ | ૧૦૮૫ |
| **ભેંસાણ** | | |
| કપાસ | ૧૦૦૧ | ૧૫૭૧ |
| ઘઉં | ૪૦૦ | ૫૧૧ |
| ચણા | ૮૦૧ | ૧૦૫૧ |
| તુવેર | ૧૦૦૧ | ૧૫૧૧ |
| મગફળી | ૮૦૧ | ૧૪૦૧ |
| તલ સફેદ | ૧૫૯૬ | ૧૫૯૬ |
| ધાણા | ૧૩૦૧ | ૨૦૯૬ |
| સોયાબીન | ૭૦૧ | ૯૦૧ |
| **મહુવા** | | |
| જુવાર | ૭૬૨ | ૯૭૯ |
| બાજરી | ૩૩૩ | ૫૯૧ |
| ઘઉં ટુકડા | ૪૪૦ | ૫૬૬ |
| અડદ | ૧૧૧૧ | ૧૬૬૭ |
| મગ | ૯૧૫ | ૩૦૦૬ |
| ચણા | ૯૫૦ | ૧૦૪૨ |
| તલ સફેદ | ૧૮૪૫ | ૧૮૪૫ |
| તલ કાળા | ૨૮૦૦ | ૩૩૮૪ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૭૫ |
| જીરૂ | ૨૯૦૦ | ૨૯૦૦ |
| ડુંગળી લાલ | ૧૦૦ | ૨૬૫ |
| ડુંગળી સફેદ | ૨૧૩ | ૨૯૧ |
| ડુંગળીસફેદએક્સ | ૨૯૨ | ૪૪૦ |
| નાળીયેર | ૪૫૧ | ૨૩૫૧ |
| **કોડીનાર** | | |
| મગફળી જી-૨૦ | ૧૧૫૦ | ૧૩૪૩ |
| બાજરી હાઈબ્રીડ | ૩૨૫ | ૫૬૭ |
| ઘઉં ટુકડા | ૪૬૦ | ૫૮૪ |
| ઘઉં લોકવન | ૪૦૫ | ૪૮૬ |
| રાય | ૧૦૦૦ | ૧૧૩૦ |
| રાયડો | ૮૦૦ | ૧૨૫૦ |
| મેથી | ૭૦૦ | ૧૧૦૦ |
| તુવેર | ૧૧૦૦ | ૧૫૩૨ |
| જુવાર | ૭૦૦ | ૧૦૮૬ |
| અડદ | ૧૦૦૦ | ૧૬૮૦ |
| ચણા | ૮૫૦ | ૧૦૩૮ |
| સોયાબીન | ૯૦૦ | ૯૮૩ |
| ધાણા | ૧૨૦૦ | ૧૬૦૫ |
| કાંગ | ૪૫૦ | ૫૫૦ |
| **ખાંભા** | | |
| કપાસ | ૧૩૩૦ | ૧૫૮૧ |
| ચણા | ૧૦૧૧ | ૧૦૪૧ |
| તુવેર | ૧૨૭૫ | ૧૪૦૧ |
| ધાણા | ૧૬૦૦ | ૧૬૦૦ |
| ઘઉં | ૫૫૧ | ૫૫૧ |
| **રાજુલા** | | |
| શીંગ | ૧૦૦૦ | ૧૪૦૦ |
| તલ સફેદ | ૧૬૯૦ | ૧૭૬૨ |
| કપાસ | ૧૦૨૦ | ૧૬૧૮ |
| બાજરો | ૩૨૬ | ૫૯૦ |
| ઘઉં ટુકડા | ૪૦૦ | ૫૪૧ |
| જુવાર | ૪૦૧ | ૧૧૦૧ |
| મગ | ૯૫૦ | ૧૩૫૧ |
| અડદ | ૮૦૮ | ૮૦૮ |
| તુવેર | ૧૧૨૫ | ૧૫૦૦ |
| ચણા | ૫૦૨ | ૧૦૩૨ |
| એરંડી | ૧૧૨૬ | ૧૧૨૬ |
| સોયાબીન | ૭૨૫ | ૭૨૫ |
| રાય | ૯૦૧ | ૧૦૫૦ |
| અજમાં | ૧૮૦૦ | ૧૮૦૦ |
| **જામનગર** | | |
| જુવાર | ૮૦૦ | ૯૯૫ |
| બાજરો | ૩૦૦ | ૪૭૫ |
| ઘઉં | ૪૦૦ | ૫૦૬ |
| અડદ | ૧૧૬૦ | ૧૪૨૫ |
| તુવેર | ૧૩૦૦ | ૧૪૨૫ |
| મેથી | ૧૧૮૫ | ૧૨૮૫ |
| ચણા | ૯૫૦ | ૧૦૬૭ |
| મગફળી જીણી | ૧૨૦૦ | ૧૫૨૫ |
| મગફળી જાડી | ૧૧૦૦ | ૧૧૭૦ |
| રાયડો | ૧૦૦૦ | ૧૧૭૦ |
| રાય | ૧૧૦૦ | ૧૪૮૦ |
| લસણ | ૭૮૦ | ૧૨૮૦ |
| કપાસ | ૧૦૦૦ | ૧૫૮૫ |
| જીરૂ | ૩૦૦૦ | ૪૪૪૦ |
| અજમો | ૧૬૨૫ | ૪૩૧૫ |
| અમજમાની ભૂસી | ૩૦ | ૨૧૧૦ |
| ધાણા | ૧૨૦૦ | ૨૦૪૦ |
| ધાણી | ૨૦૫૦ | ૨૬૦૦ |
| મરચા | ૧૭૦૦ | ૬૨૮૦ |
| ડુંગળી | ૪૦ | ૨૪૫ |
| વટાણા | ૭૦૦ | ૧૨૯૦ |



લાગે તો તીર : - જેવો લગ્નગાળો અને શિયાળો ખતમ થયો

06

# ભારત AI સુપર પાવર બની શકે ?



ભારતની રાજધાની નવી દિલ્હીમાં હમણાં ‘ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬’ સમાપ્ત થયું. આ દુનિયાની સૌથી મોટી એઆઈ સમિટમાં દુનિયાભરના આર્ટિફિશિયલ ઈન્ટેલલિજન્સ (AI)ના ધુરંધરો હાજર રહ્યા. ચેટજીપીટીના સેમ ઓલ્ટમેનથી માંડીને એન્થ્રોપિકના ડારિયો એમેડોઈ સુધીના ધુરંધરોની હાજરીમાં આર્ટિફિશિયલ ઈન્ટેલલિજન્સ (AI)ના ભાવિ અને ભારતની ભૂમિકા વિશે મનોમંથન થયું.

આ ‘ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬’માં ભારત અને અમેરિકાએ ‘પેક્સ સિલિકા‘ ડિક્લેરેશન પર સહી પણ કરી. વિશ્વભરમાં સેમિકન્ડક્ટર અને AIની સપ્લાય ચેઈનને સુરક્ષિત બનાવીને ચોક્કસ ‘નોન-ફ્રેન્ડલી’ દેશો પરની નિર્ભરતા ઘટાડવા માટેની આ સમજૂતીમાં અમેરિકા, ઓસ્ટ્રેલિયા, જાપાન, ઈઝરાયેલ, દક્ષિણ કોરિયા, સિંગાપોર, યુએઈ, કતાર, ગ્રીસ અને યુકે ભાગીદાર છે.

આ ‘નોન-ફ્રેન્ડલી’ દેશો ચીન, બ્રાઝિલ રશિયા વગેરે છે. સેમી કન્ડક્ટર સેક્ટરમાં ચીનની દાદાગીરી છે. તેના કારણે અમેરિકાનાં આર્થિક હિતોને મોટો પડકાર છે. અમેરિકા પોતાનાં હિતો સાચવવા માટે બીજા દેશોનો ઉપયોગ કરતાં જરાય શરમાતું નથી. આ બેશરમીના ભાગરૂપે અમેરિકાએ પોતાના પીઠ્ઠુ દેશો સાથે મળીને ‘પેક્સ સિલિકા’ બનાવ્યું છે ને હવે ભારત પણ તેમાં ભાગીદાર છે.

‘ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬’ની સમાપ્તિ પછી ભારત સરકાર જોરમાં છે. મોદી સરકારે આ સમિટ દ્વારા ભારતે પોતાને ગ્લોબલ AI અને ચિપ મેન્યુફેક્ચરિંગના સૌથી મોટા ભાવિ હબ તરીકે રજૂ કર્યું છે. ભારત પાસે જંગી મેન પાવર છે કે જેમાંથી મોટા ભાગના યુવાઓ છે તેથી ભારત એઆઈ હબ બની શકે છે એવું સરકારને લાગે છે.

મોદી સરકારને લાગે છે કે, ‘ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬’માં ભારતનું જે ચિત્ર રજૂ કરાયું તેના કારણે ભારતમાં એઆઈ અને ચિપ મેન્યુફેક્ટરિંગના પ્લાન્ટ નાંખવા મોટી કંપનીઓ પડાપડી કરશે. આગામી બે વર્ષમાં ભારતમાંAI ડિજિટલ ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને એડવાન્સ ટેકનોલોજીના ક્ષેત્રમાં ૨૦૦ અબજ ડોલરનું નવું રોકાણ આવશે તેથી ભારત એઆઈ હબ બની જશે. ૨૦૨૫ના વર્ષમાં ભારતમાં આવેલું કુલ સીધું વિદેશી રોકાણ (FDI) ૪૭ અબજ ડોલર હતું એ જોતાં મોદી સરકાર હવે પછીનાં બે વર્ષમાં વિદેશી રોકાણ ડબલ કરતાં પણ વધારે થઈ જશે એવી આશા રાખે છે.

આ અંદાજ વાસ્તવિક છે કે ખાલી હવાઈ કિલ્લા છે ?

ભારત સાયન્સ અને ટેકનોલોજી અને આર્ટિફિશિયલ ઈન્ટેલલિજન્સ (AI) સેક્ટરમાં અત્યારે ક્યાં છે, ભારતના યુવાઓ ટેકનોલોજીની હોડમાં વૈશ્વિક સ્તરે ટક્કર આપી શકે તેમ છે કે નહીં તેનો થોડોક અંદાજ મેળવીએ તો વાસ્તવિકતાની ખબર પડશે.

■■■

ભારત પાસે એઆઈ રેડી સ્કિલ્ડ યુવાઓ છે ?

ભારતની કુલ વસતીમાંથી ૬૫ ટકા લોકો યુવા છે અને તેમાંથી મોટા ભાગના ૩૫ વર્ષથી નીચેની ઉંમરના છે તેથી ભારત પાસે દુનિયામાં કોઈ દેશ પાસે ના હોય એવા યુવાનોનો મેન પાવર છે. આ યુવાનો કોઈ પણ ટેકનોલોજીને સરળતાથી અપનાવી લે છે તેથી ભારત પાસે એઆઈ રેડી સ્કિલ્ડ યુવાઓની મોટી ફોજ હોવાનો દાવો કરાય છે. ભારતની કોલેજોમાં પણ એઆઈને લગતા કોર્સ ચલાવીને જંગી પ્રમાણમાં સ્કીલ્ડ પર્સન્સ તૈયાર કરાઈ રહ્યા હોવાનો દાવો કરાય છે.

આ બધા દાવા સાંભળવામાં મજાના લાગે પણ ભારતની કોલેજોમાં ભણાવાતા એઆઈ કોર્સીસનું સ્તર શું છે એ ‘ઈન્ડિયા AI ઈમ્પેક્ટ સમિટ ૨૦૨૬’માં ગલગોટિયા યુનિવર્સિટીના ભવાડાએ સાબિત કરી દીધું. ગ્રેટર નોઈડાની ગલગોટિયા યુનિવર્સિટીએ ઓનલાઈન ૩ લાખ રૂપિયામાં ખરીદેલા ચાઈનીઝ રોબો ડોગ ઓરિયનને પોતે વિકસાવ્યો હોવાનો દાવો કરીને ભારતીય ક્ષિક્ષણની વાસ્તવિકતાની પોલ ખોલી નાંખી.

ગલગોટિયા યુનિવર્સિટીધના ભવાડાએ સાબિત કર્યું કે, ભારતમાં બિલકુલ વ્યાપારી ધોરણે ચાલતી શૈક્ષણિક સંસ્થાઓને વિદ્યાર્થીઓ પાસેથી તગડી ફી વસૂલીને ખિસ્સાં ભરવામાં રસ છે. આ સંસ્થાઓમાં ખરેખર ઈનોવેશન કહેવાય એવું કશું થતું નથી. એઆઈ અત્યંત સ્પર્ધાત્મક સેક્ટર છે અને તેમાં આપણે ચકરાઈ જઈએ એવા નવા નવા આઈડિયા આવ્યા જ કરે છે પણ ભારતના શિક્ષણમાં તો ઈનોવેશનનું કલ્ચર જ નથી એ જોતાં શિક્ષણ દ્વારા એઆઈ રેડી સ્કીલ્ડ યુવાઓ તૈયાર થવાની બહુ આશા નથી.



**બ્રેકિંગ પોઈન્ટ**

નેહા શર્મા

ભારતના યુવાઓ સાયન્સ અને ટેકનોલોજીમાં વૈશ્વિક સ્તરે ટક્કર આપી શકવા સક્ષમ નથી એ પણ સાબિત થયેલું છે. મોદી સરકાર છેલ્લાં આઠેક વર્ષથી ભારતના યુવાઓને સ્ટાર્ટ અપ્સ શરૂ કરવા માટે પ્રોત્સાહન આપે છે. તેના કારણે ભારતમાં સ્ટાર્ટ અપ્સનો રાફડો ફાટ્યો છે અને લગભગ ૨ લાખ જેટલાં સ્ટાર્ટ અપ્સ શરૂ થયાં હોવાનો દાવો કરાય છે. આ પૈકી ઘણાં સ્ટાર્ટ અપ્સ સફળ થયાં છે. ૧૦૦ કરોડ ડોલરની વેલ્યુ ધરાવતાં સ્ટાર્ટ અપ્સને યુનિકોર્ન કહેવાય છે. ભારતમાં ૧૦૦થી વધારે યુનિકોર્ન હોવાનો દાવો પણ કરાય છે પણ આ બધાં સર્વિસ સેક્ટરનાં છે. ફિન ટેક, ઈ-કોમર્સ, કન્ઝ્યુમર, લોજિસ્ટિક્સ, મોબિલિટી વગેરે સેક્ટરના આ સ્ટાર્ટ અપ્સ સફળ થયાં કેમ કે ભારત પાસે ૧૫૦ કરોડની આસપાસ વસતી છે.

ભારતીયોએ યુનિકોર્ન બનાવ્યાં પણ યુનિક સ્ટાર્ટ અપ્સ નથી બનાવ્યાં. દુનિયામાં કોઈની પાસે ના હોય એવી ટેકનોલોજી ધરાવતું સ્ટાર્ટ અપ બનાવીને આખું દુનિયાને દંગ કરી દેવાયું હોય એવું એક પણ સ્ટાર્ટ અપ નથી. દુનિયામાં બીજે ચાલે જ છે એવાં ફિનટેક સહિતની ટેકનોલોજીનાં સ્ટાર્ટ અપ્સ બનાવવામાં પણ મહેનત લાગે જ પણ તેના કારણે આપણે ટેકનોલોજીમાં નિષ્ણાત છીએ એવું સાબિત થતું નથી.

આર્ટિફિશિયલ ઈન્ટેલલિજન્સ (AI) તો ક્ષેત્ર જ નવી નવી ટેકનોલોજીનું છે એ જોતાં તેમાં તો ઈનોવેશનની વધારે જરૂર પડે પણ મોટા ભાગના ભારતીયો પાસે ઈનોવેશન નથી. જેમની પાસે ઈનોવેશન છે તેમને તક મળે એવો માહોલ નથી.

■■■

ભારત સરકાર આર્ટિફિશિયલ ઈન્ટેલલિજન્સ (AI) ક્રાંતિ માટે સજ્જ છે ?

મોદી સરકાર આર્ટિફિશિયલ ઈન્ટેલલિજન્સ (AI)ને લગતી જાહેરાતો સતત કર્યા જ કરે છે. મોદી સરકારના મંત્રીઓ ભારતને સેમિ કન્ડક્ટર હબ બનાવવાના દાવા પણ કર્યા કરે છે પણ એ દિશામાં જે કામ થાય છે એ ઉપરછલ્લુ છે. વિદેશી કંપનીઓ ભારતમાં આવે, પોતાની ફેક્ટરીઓ નાંખે ને ઉત્પાદન કરીને રોજગારી આપે એ જ સરકારનું આયોજન છે.

એઆઈ સેક્ટરમાં પણ સરકારનું લક્ષ્ય એ જ છે.

મોદી સરકારે હમણાં બજેટમાં AI ને વ્યૂહાત્મક રોજગાર આપનારું સેક્ટર ગણાવીને કેટલીક જાહેરાતો કરી. આ જાહેરાતોમાં AI કૌશલ્ય અને પ્રતિભા વિકાસ પર વધારે ધ્યાન અપાશે એવો દાવો કરાયો છે.

વૈશ્વિક સ્તરે છેલ્લાં કેટલાંક વરસોથી એક નવો શબ્દ ઓરેન્જ ઈકોનોમી રમતો થયો છે. ઓરેન્જ ઈકોનોમીને સર્જનાત્મક અર્થતંત્ર કહેવાય છે. તેમાં બૌદ્ધિક સંપત્તિ, માનવ સર્જનાત્મકતા અને સાંસ્કૃતિક વારસાની મદદથી નાણાં કમાવવાની વાત છે. મીડિયા, ગેમિંગ, ડિઝાઈન, ફેશન વગેરે ઓરેન્જ ઈકોનોમીનો ભાગ છે.

મોદી સરકારે તેના બજેટમાં ઓરેન્જ ઈકોનોમીને પ્રાથમિકતા આપવાનો દાવો કર્યો છે. મતલબ કે, એનિમેશન, ગેમિંગ, ડિજિટલ કન્ટેન્ટ અને ઈમર્સિવ મીડિયા જેવા AI-સંચાલિત ક્ષેત્રોને પ્રાધાન્ય અપાશે. પ્રાધાન્ય અપાશે તેનો મતલબ, આ સેક્ટર્સમાં કશું નવું કરાશે એવો નથી પણ તેમાં કામ કરનારા લોકો તૈયાર કરાશે. એ માટે મુંબઈની ઈન્ડિયન ઈન્સ્ટિટ્યૂટ ઓફ ક્રિએટિવ ટેક્નોલોજીસ (IICT) દેશની ૧૫,૦૦૦ શાળાઓ અને ૫૦૦ કોલેજોમાંAI-કમ્બાઈન્ડ કન્ટેન્ટ ક્રિએટર લેબ્સ બનાવશે. આ લેબ્સમાં એઆઈ આધારિત સ્કીલ્સ શીખવાડાશે અને તેના કારણે લગભગ ૨૦ લાખ નવી નોકરીઓ ઉત્પન્ન કરવાનો અંદાજ છે.

મોદી સરકારનું આ મોડલ ઈન્ફર્મેશન ટેકનોલોજી (IT) જેવું છે. અત્યારે ભારતની ટીસીએસ, વિપ્રો, ઈન્ફોસિસ સહિતની મોટી આઈટી કંપનીઓ વિદેશી કંપનીઓના આઉટસોર્સિંગ પર નભે છે અને લાખો ભારતીયોને રોજગારી આપે છે. એક રીતે આ ભારતીયો વિદેશી કંપનીઓ માટે કામ કરતા મોડિફાઈડ લેબર્સ છે. વિદેશી કંપનીઓએ બનાવેલાં સોફ્ટવેર ચલાવવા સહિતનાં કામો કરીને એ લોકો રોજગારી મેળવે છે.

મોદી સરકાર એઆઈમાં પણ એવા મોડિફાઈડ લેબર્સ તૈયાર કરવા માગે છે એવું કહી શકાય. તેના કારણે ટૂંકા ગાળા માટે કદાચ રોજગારી મળી જાય પણ લાંબા ગાળે આ વ્યબહરચના ફાયદાકારક નથી.

એઆઈ આવ્યું તેના કારણે સૌથી મોટો ફટકો આઉટસોર્સિંગ પર નભતી ભારતીય આઈટી કંપનીઓને પડશે. ભવિષ્યમાં બીજું કંઈ નવું આવશે એટલે એઆઈ સેક્ટરની હાલત પણ એવી જ થશે એ જોતાં ભારતે લાંબો સમય ટકે ને આપણી પાસે જ હોય એવા આર્થિક વિકાસના વિકલ્પો પર ધ્યાન આપવું જોઈએ. ■ sanjogpurti@gmail.com

# મેરેજ બિઝનેસઃ લગ્ન કરો અને રૂપિયાવાળા બનો



સંત બુબૂડાનાથના આશ્રમમાં રહીને અને તેમના ઉપદેશો સાંભળીને મને કેટલુંક નવા નવા પ્રકારનું જ્ઞાન અને વિજ્ઞાન પ્રાપ્ત થયું છે. બુબૂડાનાથના ઉપદેશોમાંથી જ મને એ સમજાયું છે કે લગ્ન એ એક એવું ફંક્શન છે કે તેને એક બિઝનેસ તરીકે વિકસાવી શકાય છે અને તેમાંથી બહોળા પ્રમાણમાં નફો મેળવી શકાય છે. તેથી અર્થશાસ્ત્રના વિદ્યાર્થીઓ અને સંશોધકો આ લેખ ઓરીજનલ ગંભીરતા સાથે વાંચે એવો ઓરીજનલ અનુરોધ છે.

ના, અહીં લગ્ન કરાવી આપનાર મેરેજ બ્યુરો કે પાર્ટી પ્લોટ ભાડે આપનાર લોકો અથવા તો નાચવા-ગાવાવાળાની મંડળીઓ ભાડે આપનાર કે પછી ભોજન બનાવી અને પીરસી આપનાર ટોળકીઓ ભાડે આપનાર લોકોની વાત નથી. એ લોકો તો બીજાના લગ્ન કરાવી આપનાર અથવા તો બીજાના લગ્નમાં અમુક જાતની ભૂમિકા ભજવનાર ચરિત્ર અભિનેતાઓ ગણાય. અહીંયા તો મેઈન હીરો એટલે કે લગ્ન કરનારની પોતાની વાત છે. માત્ર લગ્ન કરીને માણસ ધારે તો કરોડપતિ બની શકે છે. સંત શ્રી બુબૂડાનાથ કહે છે કે મેરેજ એક બિઝનેસ છે અને લગ્ન કરનાર વરરાજો પોતે એક બિઝનેસમેન છે. મેરેજ બિઝનેસનું મેનેજમેન્ટ જો વરરાજાના પિતાજી સંભાળવાના હોય તો તેને પણ બિઝનેસમેન ગણી શકાય. મેરેજ કંપનીમાં વરરાજાના પરિવારના દરેક સભ્યો કોઈને કોઈ હોદ્દો ધારણ કરીને બિઝનેસ પર્સન બની શકે છે.

Youtube ઉપર વિડીયો બનાવીને મુકનારા નાની એવી વાતને લાંબી લાંબી ખેંચે રાખે છે અને મૂળ વાત છેલ્લે કહે છે એવું કરવાને બદલે સંત શ્રી બુબૂડાનાથ સીધું જ કહે છે કે વરરાજા, તેના દાદાજી, પિતાજી, માતાજી, ભાઈ, બહેન વગેરે પોતાનું સામાજિક નેટવર્ક જ્યાં જ્યાં હોય ત્યાં ત્યાં તમામ સ્તરે લોકો પાસેથી લગ્ન કરવા માટે ઉછીના રૂપિયા માંગી શકે છે.

“લગ્ન કરવાના છે, ભાઈ, ઉછીના રૂપિયા આપો. બધું પતે પછી નિરાંતે તમને પાછા આપશું ” - આ ડાયલોગ સામાજિક સ્તરે બધે જ વાવલતા રહેવાનો. તમારી સામાજિક આબરૂ સાવ નાખી દેવા જેવી હોય તો પણ લગ્ન ઉછીનામાં ૫૦% સક્સેસ રેશિયો તો હોય જ છે. દાખલા તરીકે તમારે ૧,૦૦૦ જેટલા ઉછીના માગવા લાયક સંબંધો છે તો તેમાંથી ૫૦૦ લોકો કોઈને કોઈ બહાના હેઠળ તમને “ઠેકાડી” દેશે. પણ સામાજિક સ્તરે મહાન અને મદદગાર સાબિત થવાની ઝંખનાવાળા લોકો કોઈને લગ્ન કરવા માટે ઉછીના પૈસા આપવાની તક ગુમાવતા નથી. એટલે ૫૦૦ લોકો પાસે તમે એક એક લાખ રૂપિયા કઢાવો તો પણ તે ૫ કરોડ થાય. આ ૫ કરોડ માંથી લગ્ન તો તમે ૫૦,૦૦૦ કે ૫ લાખમાં પણ પતાવી શકો અને બાકીના તમામ રૂપિયા બેંકમાં મૂકીને એકદમ બેઠા બેઠા તેનું વ્યાજ ખાઈ શકો છો. આ રૂપિયા શેર બજારમાં રોકીને અથવા તો બીજા કોઈ બિઝનેસમાં રોકીને તમે થોડા જ સમયમાં અબજોપતિ બની શકો છો.

આમાં બિન્દાસ રહેવાનું કોઈ રીતે મૂંઝાવાનું નહીં. બુબૂડાનાથ યુનિવર્સિટીનો એક અભ્યાસ કહે છે કે લગ્ન માટે ઉછીના આપનારા લોકો બે થી પાંચ વર્ષ સુધી પૈસા પાછા માંગતા નથી. બુબૂડાનાથ યુનિવર્સિટીની બૂબુડાનંદ કોલેજના પ્રોફેસર બુબૂલાલ કહે છે કે તમને તમારા પૈસા દૂધે ધોઈને આપી દઈશું; અમે ક્યાંય ભાગી જવાના નથી - એવા મીઠા જવાબ સાથે તમે ઉઘરાણી કરનારાઓને ૧૦થી ૧૫ વર્ષ સુધી પણ ઠેકાડી શકો છો. અને લગ્ન પછીના ૧૫ વર્ષ પછી તો એ જ ઉછીના રૂપિયામાંથી એટલા બધા રૂપિયા બનાવી લીધા હોય કે તમારે જિંદગી આખી કોઈની પાસે હાથ લંબાવવાનો વારો પણ ન આવે. સંત બુબૂડાનાથે તેમના ઉપદેશોમાં સ્પષ્ટ કહ્યું છે કે કોઈનું બુચ મારવાનું નથી, લોકોને ફક્ત લબડાવવાના છે. કોઈને સુંદર સુંદર અને મીઠા મીઠા બહાના હેઠળ લબડાવવા એ કોઈ પાપ કે ગૂનો નથી. અને પાંચ કે પંદર વર્ષ પછી તમે અબજો-ખરવોપતિ બની ગયા પછી ઉછીના આપનારે જ્યારે તમે એમના પૈસાનું બુચ મારી દીધું છે એમ માની લીધું હોય ત્યારે જ તમારે એને સરપ્રાઈઝ આપવાની છે અને એમની મૂળ રકમ એમને આભાર સાથે પરત કરવાની છે. આ રીતે તમારા ઉપર એમને વિશ્વાસ ઉડી ગયા પછી પણ તમે પૈસા પાછા આપ્યા હોવાથી એમને તમારા પ્રત્યે ખૂબ માન થશે અને સમાજમાં તમારા વખાણ કરશે કે અંતે એણે પૈસા પાછા આપી દીધા ખરા. એટલે યાદ રાખો કે તમારા સંબંધો આ “ઉછીનાપટ્ટી”ના કારણે જ સરવાળે વધુ મજબૂત બનવાના છે. સંત બબુડાનાથના ઉપદેશો સાંભળી સાંભળીને હું એક એવા અર્થશાસ્ત્રીય તારણ ઉપર આવ્યો છું કે કોઈ વ્યક્તિ એકવાર જો બિઝનેસ એંગલથી લગ્ન કરી નાખે તો તેણે બીજો કોઈ બિઝનેસ કે ધંધો કરવાની જરૂર રહેતી નથી. તો દોસ્તો નીકળી પડો લગ્ન કરવા અને લગ્ન માટે ઉછીના તરીકે મેળવેલી તમામ રકમનું શેર બજારમાં અથવા બેંકમાં સુંદર મજાનું રોકાણ કરો. આ વાક્યમાં “તમામ રકમ” શબ્દ એટલા માટે વાપરવામાં આવ્યો છે કે ઉછીનાપટ્ટીમાંથી મળેલી રકમ તમારે લગ્નના ફંકશન માટે પણ વાપરવાની નથી. લગ્નના ફંકશન અને ઘરેણાં, કપડાં વગેરે માટે થતા કુલ ખર્ચ કરતાં ૧૦થી ૧૨ ગણી રકમ તો ફક્ત ચાંદલામાંથી જ ઊભી થઈ જતી હોય છે. “ચાંદલા પ્રથા બંધ છે ”- એવું કંકોત્રીમાં છપાવીને “સામાજિક મહાન” અર્થાત “સામાજિક ડફોળ” બનવાની જરૂર નથી. કંકોત્રીમાં જ ચાંદલો જમા કરાવવા માટેનો ક્યુઆર કોડ છપાવો. અને ફંકશન વખતે દરવાજા પાસે જ બે જણને ટેબલ લઈને ચાંદલો લખવા માટે બેસાડી દો... આ રીતે લગ્ન ઉદ્યોગમાંથી વધુને વધુ નફો મેળવવાનો પ્રમાણિક પ્રયત્ન કરો. જો આપના લગ્ન ઓલરેડી થઈ ચૂક્યા હશે તો આ લેખમાં અપાયેલ મહાન આઈડિયા વાંચીને આપને ઓરીજનલ પસ્તાવો થતો હશે. પણ મૂંઝાવાની જરૂર નથી. હાલની પત્નિને છૂટાછેડા આપો અને મહાન અર્થશાસ્ત્રી સંત શ્રી બુબૂડાનાથના ઉપદેશ અથવા તો આઈડિયા મુજબ ફરીથી લગ્ન કરો. છુટાછેડા પછી તમે નવા લગ્ન એની એ જ પત્નિ સાથે કરો છો કે કોઈ નવી પત્નિ સાથે કરો છો એ જાણવાની કોઈને પડી હોતી નથી. અત્યારે લોકોને બસ, લગ્ન કરનાર લોકોને આર્થિક સહાય આપીને મહાન બની જવામાં જ રસ છે. આ પરિસ્થિતિનો ફાયદો ઉઠાવશો તો તમે પણ આર્થિક રીતે મહાન બની શકશો. સમજદાર લોકોને વધુ કહેવાનું ન હોય. કવિ નર્મદે કહ્યું હોય કે ન કહ્યું હોય, હું તમને કહું છું: યા હોમ કરીને કુદી પડો, ફતેહ છે આગે. ■ naranbaraiya277@gmail.com

**ધીસ ઇઝ ઘેટ**

નારન બારૈયા

# બોર્ડ પરીક્ષા ઉત્સવ ૨૦૨૬...



આજનું બાળ આવતીકાલનું ભવિષ્ય છે.૨૬ ફેબ્રુઆરી ૨૦૨૬ના રોજ એસ.એસ.સી અને એચ.એસ.સી બોર્ડ પરીક્ષાનો પ્રારંભ થઈ રહ્યો છે ત્યારે સૌને અંતરની શુભકામના. વસંતની જેમ બોર્ડ પરીક્ષાના આગમન થઈ રહ્યું છે ત્યારે ગુજરાત બોર્ડના નામાંકન થયેલા તમામ વિદ્યાર્થીઓને હૃદયથી શુભેચ્છા પાઠવું છું. વિદ્યાર્થી મિત્રો જીવનના ડગલે અને પગલે અનેક પરીક્ષાઓ આવશે.આપ મક્કમ મને તેનો સામનો કરતા શીખી લઈએ. જાહેર જીવનમાં સ્પર્ધાત્મક વાતાવરણ કેળવવા માટે પરીક્ષાએ સફળતા તરફ જવાનો એક માર્ગ છે.

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા આખા દેશના રાજ્યો માટે પ્રેરણા સ્વરૂપ અલાયદુ આયોજન અને અમલીકરણ કરવામાં શ્રેષ્ઠ રાજ્ય ગુજરાત છે.ધોરણ ૧૦ના વિદ્યાર્થી મિત્રો સૌ પ્રથમ જાહેર બોર્ડ પરીક્ષા આપવા જઈ રહ્યા છે ત્યારે તેમને બોર્ડ દ્વારા અન્ય સોશિયલ માધ્યમો થકી તેમજ શાળાઓ દ્વારા પરીક્ષા વખતે શું શું કાળજી રાખવી તે બાબતે અમૂલ્ય માર્ગદર્શન અને પ્રેરણા પૂરી પાડવામાં આવે છે. વિદ્યાર્થી મિત્રો તમે વર્ષ દરમિયાન જે અભ્યાસક્રમ ભણ્યા છો તેમાંથી જ બોર્ડ પેપર આવવાનું છે એટલે કોઈ ભય કે તનાવ રાખવાની જરૂર નથી.વર્ષ દરમિયાન આયોજન બદ્ધ તૈયારી અને બોર્ડના પરીરૂપ મુજબ બેલેન્સ પેપર આવવાનું હોય ત્યારે કોઈ ચિંતા કરવાની જરૂર ખરી?

વિદ્યાર્થી મિત્રો તમારી બોર્ડ રીસીપ્ટ તમને મળી ગઈ હશે તેની બે ઝેરોક્ષ કાઢી ઘરે માતાને પિતાને સાચવવા આપી રાખવાની જે બિલ્ડિંગમાં આપનો નંબર આવ્યો હોય ત્યાં સમયસર પહોંચીને તે પાટલીની આજુબાજુ કોઈ સાહિત્ય અથવા તો ચિઠ્ઠી કે કાગળ પડ્યો નથી તેની તકેદારી રાખીએ. બેંચ ઉપર બેસ્યા પછી બિનજરૂરી ખોટા વિચારો કર્યા વગર ઊંડા શ્વાસ અને પ્રભુ સ્મરણ કરીને પોઝિટિવ વિચારો થકી મનને આત્મવિશ્વાસથી મજબૂત રાખી હકારાત્મક ભાવ સાથે પેપર આવે ત્યારે બે વખત વાંચવું. કદાચ પહેલો પ્રશ્ન વાંચવાથી જ નથી આવડતો તો બીજા ૫૩ પ્રશ્નો છે. એવા ભાવ સાથે નકારાત્મક વિચારો લાવ્યા વગર જે આવડે છે તે વિભાગ પ્રમાણે લખવા માટે કોશિશ કરીએ. તમે મહેનત કરી છે એટલે તમને આવડશે જ એવા ભાવ સાથે મા સરસ્વતીની વંદના કરીને લેખન કાર્ય ખૂબ સારી રીતે ડાયરેક્ટ જવાબ લખવાનો શરૂ કરીએ.



**સામાજિક અને શૈક્ષણિક**

ડો. વિપુલ.ડી. પટેલ

(આચાર્ય શ્રી ગાંધી વિદ્યાલય, અસારવા, અમદાવાદ)

રીસીપ્ટમાં ખંડ નિરીક્ષકની સહી, બારકોડ સ્ટીકર નંબર અને સપ્લીમેન્ટરી ઉપર તમામ વિગતો ખૂબ શાંતિથી ચોકસાઈ રાખીને ભરીએ. ખંડ નિરીક્ષકોને સૂચના છે કે ધોરણ ૧૦ના વિદ્યાર્થીઓને તમામ વિગત ભરી આપવા પ્રયત્ન કરવો. બારકોડ સ્ટીકર તો ખંડ નિરીક્ષકે જ લગાવવા જોઈએ. પત્રક એકની અંદર બેઠક વ્યવસ્થા પ્રમાણે નંબર સામે વિદ્યાર્થીની સહી કરાવવાનું કાળજીપૂર્વક કાર્ય કરાવીએ.જેથી કોઈ સમસ્યા ના થાય. વિદ્યાર્થીને કદાચ લખતા ભૂલ થઈ હોય તો વર્ગની અંદર તેને કડક શબ્દોમાં ખખરાવવાની જગ્યાએ ધીમે રહીને સુધારી આપવા કોશિશ કરજો. તમારો આક્રોશ કદાચ વિદ્યાર્થીના માનસ ઉપર વિપરીત અસર કરે તે પૂર્વે મગજ શાંત રાખી અને જે પરિસ્થિતિ થઈ છે તેને વાળવા કોશિશ કરીએ. તનાવમાં બાળક ન આવે તે ખાસ ધ્યાન રાખવાની બાબત છે. સ્થળ સંચાલકોને વિનંતી કે બાળક કદાચ ટ્રાફિક કે સાધન ન મળવાથી લેટ આવે તો પ્રવેશ આપવો. આવી સૂચનાને આપણે વળગી રહીએ નહીં ક્યારેક વિવેક બુદ્ધિનો ઉપયોગ કરી રોજ કામ કરવાની સત્તા બોર્ડે આપી જ છે.તો વિદ્યાર્થીના હિતાર્થે નિર્ણય લઈને તેને બેસવા દેવા નમ્ર વિનંતી છે.પરીક્ષાના સમયગાળા દરમિયાન વિવેક અને સૂઝબૂઝ હોવી જોઈએ.

આપણે બધા મિલેટ્રીમાં નોકરી નથી કરતા. જીવંત બાળકોના સર્જનમાં કાર્ય કરવાનું સદભાગ્ય મળ્યું છે ત્યારે વિદ્યાર્થીના હિતાર્થે નિર્ણય લઈએ.સમયસર પેપર મળે, વિદ્યાર્થીઓ વિભાગ પ્રમાણે પેપર લખે અને કોઈ પણ સમસ્યા હોય તેનું સમાધાન વિદ્યાર્થીના હિતાર્થે આવે તે જરૂરી છે.બોર્ડ પરીક્ષાના સમયગાળા દરમિયાન સપ્લીમેન્ટરીમાં મુદ્દાસર સીધો જવાબ લખે.બિનજરૂરી લીટીઓ અથવા કાગળ છોડીને લખવાથી સારા ગુણાંકન આવવાના નથી. પરંતુ મુદ્દાસર માગ્યા પ્રમાણે સાચા સરળ ભાષામાં લખવાથી સારા ગુણાંકન આવવાની ખૂબ શક્યતા રહેલી છે. વાદળી પેનનો ઉપયોગ કરીએ.પેપર પૂર્ણ થઈ ગયા પછી રીસીપ્ટ ભૂલી ના જવાય તેની તકેદારી રાખીએ. કદાચ કોઈ બાળક રીસીપ્ટ ભૂલી ગયો હોય તો સ્થળ સંચાલકે તેને ઘરે મોકલવાનો નથી. આજુબાજુના સ્કૂલના આચાર્યના સંપર્કમાં રહીને તેને બેસાડવાનો છે અને બાળકને હુંફ પણ હવા આપવી એનો આત્મવિશ્વાસ મજબૂત બને તેવી હકારાત્મક જ વાતો કરવી.બાળક છે તો આપણે છીએ. આવી રાજ્યના તમામ આચાર્ય અને શિક્ષકમાં આ બાબત ઘર કરી જવી જોઈએ. તો જ આપણે સાચા શિક્ષણના માણસો છીએ તેવું હું સમજુ છું.

બાળકો ઘણી વખતે ગભરાઈ જતા હોય છે તે સમયે સ્થળ સંચાલકે અથવા તો ખંડ નિરીક્ષકે બાળકને સુપરવિઝનના સમયગાળા દરમિયાન આત્મવિશ્વાસ મજબૂત બને તેવા ભાવ સાથે આપણું સુપરવિઝન હોવું જોઈએ. કેટલાક સુપરવિઝન કરતા ખંડ નિરીક્ષકો પોલીસવાળાની જેમ ગુસ્સામાં અને કડક રહેતા હોય છે. ભાઈ બાળકો છે એમની સાથે હસતા અને આનંદિત સ્વરૂપે વ્યક્ત થઈ એ તો જ વર્ગ અસરકારક દેખાશે.

બાળકોને પ્રથમ દિવસે આવકાર્યએ ડરામણી વાળી શિખામણ કોઈ દિવસ આપીએ નહીં.તમારી પરીક્ષા ખૂબ સારી રીતે જાય અને આપ દેશના બૌદ્ધિક પ્રતિભા સંપન્ન બાળકો છો તેવી શુભકામનાઓ પાઠવી.બોર્ડ પરીક્ષાના સમયગાળા દરમિયાન ભાવાવરણ અને વાતાવરણ આનંદીત હોવું જોઈએ. બાળકોમાં એક એવો ભાવ પેદા થવો જોઈએ કે હો રાજ મને લાગ્યો પરીક્ષા આપવાનો રંગપ આવી બાબતો વિદ્યાર્થીઓને પરીક્ષ્ાના સમયગાળા દરમિયાન મજબૂત બનવાની રાહ બતાવશે.


વિદ્યાર્થી મિત્રો બોર્ડ પરીક્ષાના સમયગાળા દરમિયાન સમયસર વાંચન, લેખન અને ઊંઘ લેવી જરૂરી છે. બિનજરૂરી માતા-પિતા સલાહ માર્ગદર્શન અને પ્રેરણા આપે નહીં. પેપર પૂર્ણ થઈ ગયા પછી તેનું સોલ્યુશન કરવાની કોઈ જરૂર નથી. આગલા પેપર માટે તૈયારી કરીએ. જે તૈયાર કર્યું છે તેનું પુનરાવર્તન અને દ્રઢીકરણ કરીએ. બિનજરૂરી ઉજાગરા તેમજ કેવું ગયું કેટલા ટકા આવશે, કેટલા માર્ક આવશે આ બધું પૂછવાનું બંધ કરવાની તાતી જરૂરીયાત છે. વિદ્યાર્થીને સપોર્ટ કરીએ અને તેની સામે હકારાત્મક અને પ્રેમથી વર્તણુક દાખવીએ. બોર્ડ પરીક્ષામાં તેનો આત્મવિશ્વાસ મજબૂત કરવો તે જ સૌથી મોટી કેળવણી હશે સૌ પરીક્ષાર્થીઓને મારી અંતરની શુભેચ્છા આપ સફળ થવાના છો તેવો વિશ્વાસ છે. દુનિયાના જે મહાપુરુષોમાંથી જે પ્રેરણા મેળવીએ છીએ તેઓ તમારા કરતાં પણ નિમ્નત કક્ષાના વિદ્યાર્થીઓ હતા.પરંતુ તેમને મહેનત કરી એટલે આજે ત્યાં પહોંચ્યા છે.આપ વિદ્યાર્થીઓ પણ મહેનત કરશો તો તમારું ભવિષ્ય ઉજવળ છે. આવી પરીક્ષાઓ તો આવશે અને જશે તેમાં બેસ્ટ શું કરી શકાય તે માર્ગ શોધશો તો માર્ગ તમને મુકામ સુધી પહોંચાડશે.


અમદાવાદ શહેરના જિલ્લા શિક્ષણ અધિકારી શ્રી રોહિતભાઈ ચૌધરી સાહેબ અને દરેક બીટના શિક્ષણ નિરીક્ષક અને મદદનીશ શિક્ષણ નિરીક્ષક દ્વારા બોર્ડ પરીક્ષાનું આયોજન અને અમલીકરણ કરવા કટિબદ્ધ છે. સારથી પ્રોજેક્ટ દ્વારા વિદ્યાર્થીઓની સમસ્યાનું નિરાકરણ લાવવા deo સાહેબનો શ્રેષ્ઠ પ્રયાસ. ■ Mo.9825702282

# આંખ વિષે જાણો

## આાંખની રચના

The Structure of the Eye





વિટામિન A, C અને E ભરપૂર ખોરાક લો.

ગાજર

લીલા શાકભાજી

આમળા

બદામ

પૂરતું પાણી પીવો.

- ઘરેલું ઉપાય

ગુલાબજળની ૧–૨ બુંદ આંખમાં નાખવાથી તાજગી મળે (સ્વચ્છ અને શુદ્ધ હોય તે જ વાપરવું).

ઠંડા પાણીમાં ભીંજવેલી રૂમાલ આંખ પર ૫–૧૦ મિનિટ મૂકો.

- ખાસ ધ્યાન

આંખ લાલ થવી, પાણી આવવું, દુખાવો કે ધૂંધળી નજર રહે તો તરત આંખના નિષ્ણાતનો સંપર્ક કરો.

વર્ષમાં ઓછામાં ઓછો એક વખત આંખની તપાસ કરાવવી.

જો તમે બાળકો, વૃદ્ધો અથવા ગર્ભવતી સ્ત્રીઓ માટે ખાસ માહિતી ઈચ્છતા હો તો જણાવશો.

- બાળકો, વૃદ્ધો અને સગર્ભા સ્ત્રીઓ માટે આંખની ખાસ માવજત

- બાળકો માટે

- મોબાઈલ/ટીવીનો સમય મર્યાદિત રાખવો (દિવસે ૧–૨ કલાકથી વધુ નહીં).

- વાંચતી વખતે યોગ્ય પ્રકાશ હોવો જોઈએ.

- પુસ્તક આંખથી અંદાજે ૧ ફૂટ દૂર રાખવું.

- વિટામિન એ યુક્ત આહાર (ગાજર, લીલા શાક, દૂધ).

- વારંવાર આંખ મસળે, ટીવી નજીકથી જુએ કે માથાનો દુખાવો કહે તો આંખની તપાસ કરાવવી.

- સમયસર રસીકરણ (જેમ કે **Measles**) પણ નજરની સુરક્ષા માટે મહત્વનું છે.

- વૃદ્ધો માટે

- નિયમિત આંખની તપાસ (વર્ષમાં ૧ વાર).

- વાંચતી વખતે તેજ અને સમતોલ પ્રકાશ.

- એન્ટીઑક્સિડન્ટવાળો આહાર (લીલા શાક, ફળ, બદામ).

- ધૂંધળી નજર, રાત્રે ઓછી નજર, કે ચમક દેખાય તો તરત નિષ્ણાતનો સંપર્ક.

વૃદ્ધોમાં સામાન્ય રોગો:

**Cataract** (મોતિયાબિંદ)

**Glaucoma** (કાલાપાણી)

**Age-related macular degeneration**

- સગર્ભા સ્ત્રીઓ માટે

- ગર્ભાવસ્થા દરમિયાન નિયમિત ચેકઅપ.

- પોષણયુક્ત આહાર (લોહતત્વ, વિટામિન A, C, E).

- જો અચાનક ધૂંધળી નજર, ડબલ દેખાવ કે ચમકતી લાઈટ દેખાય તો તરત ડૉક્ટરને બતાવો (આ ક્યારેક **Preeclampsia**નું લક્ષણ હોઈ શકે).

- પૂરતું પાણી પીવું અને પૂરતી ઊંઘ લેવી.


વૈવિધ્ય

ડો. હેમાંગી ડી. મહેતા,
એસોસિયેટ પ્રોફેસર, વિષય નિષ્ણાંત
ચિલ્ડ્રન્સ રસર્ચ યુનિવર્સીટી, ગાંધીનગર

hemangidmehta@gmail.com


# જેવો લગ્નગાળો અને શિયાળો ખતમ થયો




લાગે તો તીર..
કાળુભાઇ ભાડ


ગામને છેવાડે આવેલું બકાનુ ઘર. ઘર તો માંડ માંડ કહી શકાય. મોભે અડે એવો બકો એનાં માથા નેવાહરમાં ભટકાય. અને જ્યારે જ્યારે બકાનું માથું નેવાહરમાં ભટકાય ત્યારે બે પાંચ દેશી નળિયા ફૂટ્યા વગર ના રહે. આમને આમ લગભગ નેવાહર ખાલી થઈ ગઈ હતી. પણ, બકો કામઢો ખરો. એ જયારે જૂઓ ત્યારે કાંઈકને કાંઈક મથતો જ હોય.

જેવો લગ્નગાળો અને શિયાળો ખતમ થયો, એમણે એમનાં બિસ્તરા પોટલાં હંકેલવાની તૈયારી કરી. ત્યારે જ ઉનાળાએ પોતાનાં પગરવ માંડવાની તૈયારી કરી.

આમ બકો 'ય ધંધે લાગ્યો. ઘરની આગળ ફળિયાં ફરતે કાંટાળી વાડ હતી, એ વાડ શિયાળામાં ધીમે ધીમે, જ્યાંરે જ્યાંરે તાપણું કર્યું ત્યારે ત્યારે એ વાડ ઓછી થતી ગઈ. આમ બકો દેશી બાવળનાં કાંટા કાપીને વાડ કરી રહ્યો હતો. અને એને એક ઝાંપલી કરી હતી.

ઓચિંતા જ બોસ આવી ચડ્યાં.

બકાને ઝાંપલીમાં મથતાં જોઈને કહ્યું.

"બકા, ઝાંપલી આટલી બધી હજજડ બંબ કરવાનું કારણ શું?"

"ચોર અને ચોરી. બીજું શું હોય !

ચોર હમણાં નવરાં પડશે ને ? હવે લગનગાળો પુરો."

"લગનગાળો પુરો અને ચોર નવરાં? મને કાંઈ હમજાણું નહીં."

"મોજડી ચોર..મોજડી ચોર !!"

"એને થોડાં જ ચોર કહેવાય! તું ય તે ખરો છો."

"મજાક મજાક!! પણ, ખરેખર ચોર ઉનાળામાં નવરાંધૂપ થઈ જાય, એટલે ચોરીનો ઉપદ્રવ વધી જાય છે."

"પણ બકા, ચોરની માંથે તું રાત રોકાય એવો છો. ચોર તારી ઘરેથી શું લઈ જાહે!? અને ચોરને ચોરી જ કરવી હોય તો ગમે એવું તાળું કે ગમે એવી તિજોરી તોડી નાંખે છે. તો આ તારી કાંટાની વાડ કે કાંટાની ઝાંપલી હું ગણકારે !??

અને આજકાલ ચોરે 'ય હાઈટેક થઈ ગયાં છે. બધી જ રેકી કરીને પછી જ ખાતર પાડે છે.

એમાં આ તારી ઝાંપલીની હું રેકી કરશે."

"બોસ તમારે તો બે -છક -બાર છે. અમારે તો ચાર જ થાય. એટલે અમારે હંધૂય ધ્યાન રાખવું પડે.

તમારે ન્યા હાઈટેક ચોર આવે અને તિજોરી ઉપાડી જાય. અમારે ન્યા નાનાં ચોર આવે અને બાર મહિનાનાં દાણાં ખાવાં રાખ્યાં હોય ઈ 'ય ઉપાડી જાય. અલગ અલગ ચોર આવે. ચોરમાં 'ય ઘણી જાતો આવે."

"લે કર લે વાત !! ચોરીમાં 'ય વળી વેરાયટી??"

"હા હા! ચોરીમાં 'ય વેરાયટી આવે. આ તમે જોયું નહીં. વિપક્ષવાળા રાહુલબાબા મોદીને ગાદી ચોર ગાદી ચોર કહી કહીને થાકી ગયાં. પણ, એમનું કોઈએ માન્યું ખરુ? પછી મત ચોર મત ચોરની જિંગલ ઉપાડી. તોય એમનું પાંચીયુ 'ય નો આવ્યું.

હવે તમે જ કહો આ ચોર અને ચોરીનો નવો પ્રકાર થયો કે નહીં ?"

"તારી વાત તો હાચી છે બકા. હમણાં જ મેં એક છાપાંમાં વાંચ્યું હતું કે, એક ઉપ મુખ્યમંત્રીની સ્મશાન યાત્રામાં અનેક ચોરોએ ભાગ લીધો."

"પણ, બોસ મેં તો હાંભળયું છે કે, સ્મશાન યાત્રામાં સગા સંબંધીઓ અને નજીકનાં લાગતાં વળગતાં જ ભાગ લેતાં હોય છે. તો પછી...!!"

"તારું કે 'વાનું મારાં સહિત હંધાય વાચકો હમજી ગયાં બકા. પણ, અહીં વાત જરા જુદા પ્રકારની હતી."

"એમાં 'ય વળી જુદો પ્રકાર ?"

"હા હા, જુદો પ્રકાર. એ આવનારાઓ ચોર. નહોંતા સગા સંબંધી કે નહોંતા લાગતાં વળગતાં. છેલ્લે ખબર પડી કે, આવનાર ખરેખર ખિસ્સા કાતરુ હતાં.

અને સરવાળે પંદર વીસ જણાનાં ખિસ્સા હળવાં કર્યા."

"તમારી વાત હાચી છે બોસ. પણ ચોરને ય ઘંટી ચોર મળે હોં!!"

"ઘંટી ચોર? એ વળી નવો પ્રકાર."

"હા બોસ, મેં હાંભળેલી વાત છે. એક ભાઈનાં ઘરે રાતે ચોર આવ્યો. કલાકની મહા મહેનત કરી. કાંઈ કરતાં કાંઈ હાથ નો આવ્યું. છેવટે નીકળતી વખતે અંધારામાં એક વજનદાર સૂટકેસ પગમાં ભરાણી.

અને ચોર ચમકી ગયો. જોયું તો વજનદાર સૂટકેસ.

સરવાળે મહેનત ફળી ખરી. એમ હમજીને ચોર ઘરે લઈ ગયો. હવારે ઊઠીને સૂટકેસ ઊઘાડી ત્યાં એમની આંખો ચાર થઈ ગઈ."

"કેમ? સૂટકેસ આખી ઘરેણાંથી ભરેલી હતી??"

"ના..આ..! માનવ અંગના કટકાથી ભરેલી હતી.

ખાયા પિયા કુછ નહીં. બીલ આયા બાર આનાં. જેવો ઘાટ થયો. વગર કારણે જેલમાં જવું પડ્યું."

"પણ બકા, માન કે ચોર તારી ઘરે આવીને ચોરી હું જશે ?"

"બોસ ચોરનું કાંઈ નક્કી નહીં. તમે હમણાં છાપાંમાં વાંચ્યું હતું ? અરે..બોસ ગઝબના ચોર હોં."

"કેમ? ચોરોએ એવું તે વળી શું પરાક્રમ કર્યું?"

"આખોને આખો પુલ એક રાતમાં ચોરી ગયાં."

"બકા, તારી ભૂલ થતી હશે. ઈ ચોર નહીં હોય! અને રાતમાં નહીં ધોળે દિવસે એ સી ઓફિસમાં બેઠાં બેઠાં જ કાગળ ઉપર પુલને ગાયબ કર્યો હશે."

"ના..આ..બોસ ના . હું કહું તે વાતમાં ફેર નો પડે.

આ રહ્યું છાપું, અને ફોટો. તમે જ વાંચી લો. જરા મોટેથી વાંચજો ,એટલે બેરાલાલે 'ય હાંભળે."

"છત્તીસગઢ રાજ્યના કોરબા ગામને જોડતો લોખંડનો આખોને આખો પુલ એક જ રાતમાં ચોરો ચોરી કરીને લઈ ગયાં. એસ આઈ ટી એ તપાસ કરતાં જાણવા મળ્યું છે કે, ચોરો કોઈ ભંગારના વેપારી હોય શકે છે. આખાં પુલમાં ૩૦ ટન જેટલું લોખંડ હતું. ગેસ કટરથી કાપીને આ ચોરી કરવામાં આવી છે."

"જોયું બોસ! એટલે હું આ કાંટાની ઝાંપલી કરી રહ્યો છું."

"અરે પણ , આ છાપું લાવ્યું કોણ?"

"બનેવીલાલ !!"

"પણ, આ બનેવીલાલ કોણ છે?"

# ચાલો હાથલા..શનિદેવના દર્શને




પ્રવાસનામા

જયસ્વી પટેલ


હાથલા ગામમાં આવેલા શનિદેવ મંદિરમાં કાળભૈરવ, શનિદેવ, પનોતી અઢી વર્ષ, પનોતી સાડા સાત વર્ષ એમ સિંદૂર ચડાવેલી ભિન્ન ભિન્ન મૂર્તિઓ છે. મૂર્તિના સાનિધ્યમાં ઐતિહાસિક શનિદેવ જે સૈકાઓથી બિરાજમાન છે.

દેવભૂમિ દ્વારકા જિલ્લામાં ભાણવડ નજીક હાથલા ગામ શનિદેવનું પ્રાગટય સ્થળ મનાય છે.જે રીતે શનિદેવનું જન્મસ્થાન શિંગણાપુર મનાય છે,તે રીતે ગુજરાતના આ ગામમાં શનિદેવ પ્રગટ્યા હતા.અહીં ભગવાન શનિદેવના મંદિર પટાંગણાં જ શનિકુંડ આવેલો છે. આથી આ ઐતિહાસિક સ્થળે શનિશ્વરી અમાસ નિમિત્તે વહેલી સવારથી જ શનિભકતો ઉમટી પડે છે.

ગુજરાત ઉપરાંત ભારતભરના ભક્તો અહીં આવી પોતાની મનોકામના માટે પ્રાર્થના કરે છે. તો કેટલાય પોતાની પનોતી ઉતારવા કે શનિદોષમાંથી મુક્તિ મેળવવા આવે છે.ભારતનું હાથલા શનિ મંદિર એક જ એવું સ્થાનક છે કે, જ્યાં સ્ત્રીઓ સહિત ભક્તો પોતાની જાતે ભગવાનની પૂજા-અર્ચના કરી શકે છે.

આ શનિ મંદિર વિશે એવું કહેવામાં આવે છે કે શનિદેવ હાથીની સવારીએ અહીં આવ્યા હતા અને તેમણે આ રીતે અહીં પોતાનું સ્થાનક બનાવ્યું હતું. પુરાતત્વ ખાતું આ મંદિરને પનોતી દેવી મંદિર તરીકે ઓળખાવે છે. અહીં શનિ દેવ પોતાની પત્નિ પનોતી દેવી સાથે પધાર્યા હોવાથી આ મંદિરને પનોતી મંદિર તારીકે ઓળખાય છે.

શનિદેવ મંદિરે પનોતીવાળા લોકો સ્નાન કરવા આવતા હોય છે, પરંતુ મામા-ભાણેજને પોતાના હાથે સ્નાન કરાવી નવાં નક્કોર વસ્ત્ર પહેરાવે તો ક્યારેય કોઈ પનોતી નજીક આવતી નથી. વળી દર્શન કરવા આવનાર દર્શનાર્થીઓ પગરખાં પહેરીને આવે છે અને શનિ મંદિરે પોતાના પગરખા મુકીને જાય છે.માન્યતા મુજબ પનોતી શનિ મંદિરે છોડી દેવાથી પરત આવતી નથી, તેવી પણ એક લોકવાયકા છે.

હાથલામાં શનિમંદિરની પાસે આવેલા શનિકુંડનું પણ અનેરુ મહત્વ છે, વર્ષો પૂર્વ રાજા દશરથ રામ અને લક્ષ્મણને લઈને દ્વારકા જવા નીકળ્યા હતા. એવામાં આ બાજુ આવતા હાથલા સુધી પહોંચ્યા અને પાછળ મહાદેવનું મંદિર છે ત્યાં આરતી થઈ. આથી, દશરથજીને થયું કે આ તો આપણે દ્વારકા પાછળ છોડી દીધું, તેઓ પાછા ફર્યા ત્યાં વચ્ચે આ સ્થળે રામજીને તરસ લાગી, તેના પાણી માટે થઈને બાણથી દશરથજીએ પાણીનો પ્રવાહ નીકાળ્યો. તે આજે શનિકુંડ તરીકે પ્રસિદ્ધ છે.

આ શનિકુંડ બાબતે કહેવાય છે કે, અહીં વર્ષો પહેલા પાંડવો જ્યારે શનિદેવના ચક્કરમાં ચકરાયા હતા ત્યારે કૃષ્ણ ભગવાને જણાવ્યું હતું કે, હાથલા ગામે પાવનકારી શનિકુંડમાં સ્નાન કરવાથી શનિના તમામ અનિષ્ટો દૂર થશે અને પાંડવોએ હાથલા આવી શાસ્ત્રોકત યજ્ઞ પુજનવિધિ કરાવી પાંચેય ભાઈઓએ પાવનકારી શનિકુંડના પાણીથી સ્નાન કરી શ્રધ્ધાભાવથી યજ્ઞાવિધિ આરતી કરાવી, શનિદેવના આર્શિવાદ મળતા તેઓએ વિજય મેળવ્યો હોવાનું મનાય છે

હાથલામાં ઈતિહાસની દ્રષ્ટિએ ગુજરાતનું સૌથી પ્રાચીન આ શનિદેવનું સ્થાન ઈવની છઠ્ઠી-સાતમી સદીનાં મૂર્તિ, શનિકુંડ પુરાતત્વ દ્વારા રક્ષિત છે.હાલ આ મંદિરમાં હાથીની સવારી પર બાળ શનિદેવની પ્રાચીન મૂર્તિ, શિલ્પો, ભગ્ન શિવલંગ, નંદી, હનુમાન તથા શનિકુંડ હયાત છે.શનિકુંડ ઊંડો છે, જેમાં કોસ અને રેંટ ચાલી શકે અને પગથિયાથી અંદર ઉતરી શકાય તેવી રીતે બાંધ્યો છે.

હાલના બરડા ડુંગરનું શ્રૃષિકાલિન જુનું નામ બટુકાચળ અને તેના જંગલનું નામ પીપ્પલાવન હતું. ત્યારે આ સ્થળનું નામ હસ્તિનસ્થલ, મધ્યકાળમાં હસ્થથલ, અને અત્યારનું હાથલા છે. અહીં હાથલાનો અર્થ શનિદેવ હાથી પર બિરાજે છે એવો થાય છે. હાથલાના અવશેષ ૧૫૦૦ વર્ષથી પણ જૂના છે. શાસ્ત્રોકત રીતે શનિદેવનાં દશ નામ, દશ વાહન અને દશ પત્નિ છે. તેમાંથી એક નામ આ સ્થળના વનના નામ પરથી પિપ્પલાશ્રય અને વાહન હાથીની સવારી તે અહી છે. હાથલા સિવાય બીજે ક્યાંય શનિદેવ હાથી પર નથી. શનિદેવના વાહનોમાં ગીધ જોડેલ લોખંડનો રથ આકાશ માર્ગ માટે છે. જમીન પૃથ્વી પરની શનિદેવની સવારી પાડા ઉપર છે. શનિદેવ હાથીની સવારી પર હોય ત્યારે સુખ, શાંતિ, સમૃદ્ધિ આપે છે. શનિદેવ ન્યાય કરવામાં કોઈની લાગવગ ચલાવતા નથી. તેથી આ દેવની બધાને બીક લાગે છે. શનિદેવ યમરાજાના સગા મોટાભાઈ અને તાપી નદીના સગા ભાઈ થાય છે. આ કારણે યમુના સ્નાનથી યમની અને તાપી સ્નાનથી શનિદેવનું નડતર દૂર થાય છે.

મુગદલ શ્રૃષિ આ સ્થળે ઘણો સમય રહ્યા અને શનિદેવની ઉપાસના કરી પ્રસન્ન કર્યા હતા. આ ઋષિએ આ સ્થળે સુખ, શાંતિ, સમૃદ્ધિ માટે જુદા જુદા સ્તોત્રની રચના કરી હતી. તેમાંથી શનિમાનસ પૂજા સ્તોત્ર થોડા ફેરફાર સાથે આજે પણ જાણીતું છે.


sanjogpurti@gmail.com


# પરપોટો ફૂટચો!




રે વાર્તા!
મનીષ સુથાર


એક હતું સુંદર મજાનું તળાવ. આ તળાવના કિનારે ચતુર ચકલી, ભોળો દેડકો અને નટખટ ઉંદર રહેતા હતા. એક દિવસ સવાર-સવારમાં ત્રણેય મિત્રો રમવા નીકળ્યા.

તળાવના કાંઠે એક સાબુની પાણી ભરેલી ડોલ પડી હતી. કદાચ કોઈ ધોબી ત્યાં કપડાં ધોઈને ભૂલી ગયો હશે. પવન ફૂંકાયો અને ડોલમાંથી એક મોટો રંગબેરંગી પરપોટો બહાર નીકળ્યો!

તે પરપોટો તો ગલગોટા જેવો ગોળ અને મેઘધનુષ જેવો રંગીન હતો. પવન સાથે તે હવામાં ધીમે-ધીમે ઊંચે ચઢવા લાગ્યો. ચતુર ચકલી બોલી, "અરે જુઓ! આ તો આકાશમાંથી કોઈ મોટો લાડુ ઊતરી આવ્યો લાગે છે!"

ભોળો દેડકો ડ્રાઉં-ડ્રાઉં કરતો કૂદ્યો, "ના ના, આ તો મારો નવો મહેલ છે. મારે એમાં રહેવા જવું છે!"નટખટ ઉંદર કહે, "અરે ભાઈ, આ તો કાચનો દડો છે, ચાલો આપણે એનાથી રમીએ!"

ત્રણેય મિત્રો પરપોટાની પાછળ દોડ્યા. પરપોટો તો હવામાં આમ-તેમ ડોલતો હતો. ચકલી પાંખો ફફડાવીને તેની ઉપર બેસવા ગઈ, પણ પરપોટો લપસી ગયો! ઉંદરે કૂદકો મારીને તેને પકડવા હાથ લંબાવ્યો, પણ તેના પંજામાં તો ખાલી હવા આવી! દેડકાભાઈ તો જીભ બહાર કાઢીને પરપોટાને ચાખવા ગયા. તેમને લાગ્યું કે આ કોઈ ગળી મીઠાઈ છે! પવન જોરથી ફૂંકાયો અને પરપોટો ઊડીને એક કાંટાવાળા થોર પાસે પહોંચી ગયો. ત્રણેય મિત્રો હાંફતા-હાંફતા પાછળ પહોંચ્યા.

દેડકાભાઈ બોલ્યા, "ખસી જાઓ બધા, હવે આ પરપોટાને હું પકડીશ!" દેડકાએ જોરથી હવામાં છલાંગ લગાવી. બરાબર એ જ સમયે પરપોટો થોરના એક અણીદાર કાંટાને અડી ગયો.

"ફટ્ટ... ટ... ટ...!"

એવો અવાજ આવ્યો ને દેડકાભાઈ તો ડરીને ઊંધા માથે કાદવમાં પડ્યા! ચકલી ઝાડની ડાળીએ જઈને છુપાઈ ગઈ અને ઉંદરભાઈ તો પોતાના દરમાં ભરાઈ ગયા.

બધું શાંત થયું એટલે ચકલીએ બહાર આવીને જોયું. ત્યાં નહોતો પરપોટો કે નહોતો કોઈ લાડુ! ત્યાં તો માત્ર સાબુના પાણીના બે-ચાર ટીપાં જમીન પર પડ્યાં હતાં.

દેડકાભાઈ કાદવ ખંખેરતા બહાર આવ્યા અને પૂછ્યું, "અરે, મારો મહેલ ક્યાં ગયો?" ચકલી હસીને બોલી, "દેડકાભાઈ, એ તો પરપોટો હતો! એ તો પળવારમાં જન્મે અને પળવારમાં ફૂટી જાય!" ત્રણેય મિત્રો એકબીજા સામે જોઈને ખડખડાટ હસવા લાગ્યા.


Mo 9099172177



આ પૂર્તિમાં રજૂ થયેલા વિચારો જે-તે લેખકોના પોતાના છે. સંજોગ ઈન્ડિયા ન્યૂઝ "ા. લિ. તેની સાથે સહમત હોય તે જરૂરી નથી. ●

# સૌરાષ્ટ્રના અનેક અગ્રણીઓની હાજરીમાં ઉજ્જૈન ખાતે રાષ્ટ્રીય મહાસંમેલન સંપન્ન

અમરેલી,તા.૨૪



ઉજ્જૈન ખાતે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, રાષ્ટ્રીય બજરંગદળ અને રાષ્ટ્રીય છાત્ર પરિષદનું રાષ્ટ્રીય મહાસંમેલન યોજવામાં આવ્યું હતું. આ મહાસંમેલન આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદના રાષ્ટ્રીય અધ્યક્ષ પ્રવીણભાઈ તોગડિયાજીના અધ્યક્ષ સ્થાને યોજાયું હતું.

આ મહાસંમેલનમાં સંગઠન દ્વારા વિવિધ પ્રકારની યોજનાઓ બનાવવામાં આવી છે. જે અંતર્ગત દેશભરમાં ૧૧ લાખ હનુમાન ચાલીસા ખોલવામાં આવી છે. આ કાર્યક્રમમાં સંગઠનનું દૃઢીકરણ કરીને હિન્દુ ધર્મમાં હિન્દુ સંસ્કૃતિ અને જીવનશૈલી સાથે સંગઠનને કઈ રીતે આગળ વધારી શકાય તે દિશામાં મંથન કરવામાં આવ્યું હતું.

આ રાષ્ટ્રીય મહાસંમેલનમાં સૌરાષ્ટ્ર પ્રાંતમાંથી કાર્યકારી અધ્યક્ષ બકુલભાઈ ખાખી, ઉપાધ્યક્ષ ગીરીશભાઈ ધેલાણી, મહામંત્રી શશીકાંતભાઈ પટેલ, સંગઠન મહામંત્રી નિર્મળભાઈ ખુમાણ, સૌરાષ્ટ્ર પ્રાંત સંયુક્ત મહામંત્રી વસંતભાઈ જયસુખભાઈ, રાષ્ટ્રીય બજરંગદળ સૌરાષ્ટ્ર પ્રાંત અધ્યક્ષ વનરાજસિંહ ખેર, ઈન્ડિયા હેલ્થ લાઈન સૌરાષ્ટ્ર પ્રાંત પ્રમુખ ડૉ. કિરીટભાઈ દેશાણી અને રાષ્ટ્રીય મજદૂર પરિષદ પ્રાંત પ્રમુખ સુરેશભાઈ સોલંકી વગેરે પદાધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# ચિતલ હાઈસ્કૂલ ખાતે "સશક્ત યુવા અને ભગવદ્ ગીતા" વિષય પર પરિસંવાદ યોજાયો

ચિતલ,તા.૨૪




રાજ્ય સરકારના મંત્રી કૌશિકભાઈ વેકરિયા સંસ્થાપિત કર્મભૂમિ ડેવલપમેન્ટ ચેરિટેબલ ટ્રસ્ટ-અમરેલી અને અમરેલી વિભાગ કેળવણી સંઘ બાબાપુર સંચાલિત ચિતલ હાઈસ્કૂલના સંયુક્ત ઉપક્રમે ચિતલ ખાતે "સશક્ત યુવા અને ભગવદ ગીતા" વિષય પર પરિસંવાદ કાર્યક્રમ યોજાયો હતો.

આ કાર્યક્રમમાં મુખ્ય મહેમાન તરીકે અમરેલી જિલ્લા પંચાયતના પ્રમુખ સુરેશભાઈ પાથર અને તાલુકા ભાજપ મહિલા મોરચાના પ્રમુખ રંજનબેન બાબરીયા ઉપસ્થિત રહ્યા હતા. કૌશિકભાઈ વેકરીયાના અંગત મદદનીશ ભાવેશભાઈ ભાલીયાએ ટ્રસ્ટનો પરિચય આપ્યો હતો. જિલ્લા પંચાયત પ્રમુખ સુરેશભાઈ પાથરે પ્રાસંગિક ઉદ્બોધન કર્યું હતું. કાર્યક્રમના મુખ્ય વક્તા તરીકે નીલકંઠ જ્વેલર્સના કેતનભાઈ ધોળકિયાએ ખૂબ જ રસપ્રદ શૈલીમાં ગીતાના શ્લોકોનું પઠન કરી શાળાના વિદ્યાર્થીઓને સમજણ આપી હતી. શાળાના તમામ કર્મચારીઓનો ટ્રસ્ટ વતી કાર્યક્રમના સંયોજક મનીષભાઈ સિધ્ધપુરાએ આભાર વ્યક્ત કર્યો હતો. કાર્યક્રમને સફળ બનાવવા સહસંયોજક પ્રોફેસર જે.એમ. તળાવિયાએ જહેમત ઉઠાવી હતી.

# અમરેલીમાં ૨૬ ફેબ્રુઆરીએ રોજગાર ભરતી મેળો યોજાશે

અમરેલી,તા.૨૪

અમરેલી જિલ્લાના આશાસ્પદ યુવાનોને ખાનગી ક્ષેત્રના અગ્રગણ્ય એકમોમાં રોજગારીની તક મળી રહે તે હેતુથી આગામી ૨૬ ફેબ્રુઆરીના રોજ સવારે ૧૧ કલાકે લાઠી રોડ પર આવેલી ઔદ્યોગિક તાલીમ સંસ્થા ખાતે વિશેષ ભરતી મેળાનું આયોજન કરવામાં આવ્યું છે. આ ભરતી મેળામાં ૧૮ થી ૪૫ વર્ષની વય મર્યાદા ધરાવતા અને આઈ.ટી.આઈ. ફીટર, ડિપ્લોમા, બેચલર ઓફ એન્જિનિયરિંગ, ધોરણ ૧૨ પાસ, બી.એસસી., એમ.એસસી., બી.ફાર્મ, એમ. ફાર્મ તેમજ એક્સ-આર્મીમેન જેવી વિવિધ શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારો ઉત્સાહપૂર્વક ભાગ લઈ શકશે. જિલ્લા રોજગાર અધિકારીએ અપીલ કરતા જણાવ્યું છે કે રસ ધરાવતા તમામ ઉમેદવારોએ અનુબંધમ વેબપોર્ટલ પર જોબસીકર તરીકે ફરજિયાત નોંધણી કરાવીને પોતાના આધાર કાર્ડ તથા તમામ શૈક્ષણિક દસ્તાવેજો સાથે સમયસર ઉપસ્થિત રહેવું અનિવાર્ય છે.

# અમરેલીમાં માતૃશક્તિ અને દુર્ગાવાહિનીની પરિચય બેઠક યોજાઈ

અમરેલી,તા.૨૪



તારીખ ૨૨ ફેબ્રુઆરી ૨૦૨૬ના રવિવારના રોજ આગામી આયોજન સંદર્ભે સૌરાષ્ટ્ર પ્રાંત માતૃશક્તિ સંયોજિકા સીમાબેન દવે અમરેલીના પ્રવાસે પધાર્યા હતા. આ અવસરે વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગરના નવનિયુક્ત કાર્યકર્તાઓ, માતૃશક્તિ અને દુર્ગાવાહિનીની બહેનો સાથે એક વિશેષ પરિચય બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતું. સીમાબેને આગામી વર્ગમાં ભજન-કીર્તન, સંસ્કાર કેન્દ્રો અને મહિલા સશક્તિકરણ શિબિરો અંગે ઊંડાણપૂર્વક માહિતી આપી હતી. આ ઉપરાંત સામાજિક જાગૃતિ, સાપ્તાહિક મિલન, શારીરિક તાલીમમાં યોગ અને કરાટે તેમજ બૌદ્ધિક ચર્ચા અને સંસ્કાર વર્ગો જેવા વિષયો પર પણ પ્રકાશ પાડ્યો હતો.

આ બેઠકમાં સૌરાષ્ટ્ર પ્રાંત ઉપાધ્યક્ષ હંસાબેન મકાણી અને ભાવનગર વિભાગ સંયોજિકા રમીલાબેન પટોળીયા વિશેષ ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા વિશ્વ હિન્દુ પરિષદ અમરેલી નગર પ્રમુખ ભાવેશભાઈ કાબરીયા અને મંત્રી પંકજભાઈ કાનાણીએ જહેમત ઉઠાવી હતી. આ સાથે માતૃ શક્તિ સંયોજિકા આરતીબેન ચોવટિયા, પૂર્વિબેન ગોહિલ, ગીતાબેન ત્રિવેદી, જયશ્રીબેન ધાનાણી, ગોપિકાબેન ચાવડા, દક્ષાબેન ધોળકિયા, મિતલબેન ધંધુકિયા, હિરલબા વાળા સહિત અન્ય પદાધિકારીઓ અને મોટી સંખ્યામાં કાર્યકર્તા બહેનોએ હાજરી આપી સંગઠનને મજબૂત બનાવવાના સંકલ્પ સાથે કાર્યક્રમને પૂર્ણ કર્યો હતો.

# ગીર ગઢડા ઝુડવડલી નજીક સિંહો વિચરણ કરતા કેમેરામાં કેદ

ઉના,તા.૨૪



તસવીર : કૈલાશ ભટ્ટ

ગીર ગઢડાના ઝુડવડલી ગામ પાસે ગૌશાળા નજીક બે સિંહો રસ્તો ક્રોસ કરતા જોવા મળ્યા હતા. સમી સાંજે બનેલી આ ઘટનાને કારણે વાહનચાલકોએ રોકાઈને મોબાઈલમાં દ્રશ્યો કેદ કર્યા હતા. આ પંથકમાં સિંહો હવે માનવ વસાહતો નજીક સ્થાયી થયા છે. જોકે, સિંહ પ્રેમીઓ દ્વારા હાઈ-વોલ્ટેજ લાઈટોનો ઉપયોગ અને પજવણી સિંહોને આક્રમક બનાવી શકે છે. વન વિભાગ માટે આવા તત્વોને રોકવા પડકારજનક છે. સ્થાનિકોએ વન્યજીવોની સુરક્ષા માટે કડક કાર્યવાહીની માંગ કરી છે.

# ગીર સોમનાથમાં સ્વામિનારાયણ સત્સંગ સમાજ દ્વારા કેન્સર અને થેલેસેમિયાના દર્દીઓ માટે મહારક્તદાન કેમ્પ યોજાયો

ગીર સોમનાથ,તા.૨૪





તસવીર : કુલદીપ પાઠક

ગીર સોમનાથ જિલ્લામાં સ્વામિનારાયણ સંપ્રદાય વડતાલ ગાદી (SVG)ના ધર્મકુળ આશ્રિત સ્વામિનારાયણ સત્સંગ સમાજ દ્વારા ધોલેરામાં મદનમોહનજી મહારાજની સ્થાપનાના દ્વિશતાબ્દી વર્ષના ઉપક્રમે કેન્સર અને થેલેસેમિયાના દર્દીઓના લાભાર્થે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં જિલ્લાભરમાં ૬ સ્થળોએ યોજાયેલા આ કેમ્પમાં કુલ ૪૬૦ બોટલ રક્ત એકત્રિત કરવામાં આવ્યું હતું. લક્ષ્મીનારાયણ દેવ ગાદીના આચાર્ય અજેન્દ્રપ્રસાદજી મહારાજની પ્રેરણાથી ગુજરાત-મહારાષ્ટ્રમાં એકસાથે ૬૭ અને આંતરરાષ્ટ્રીય સ્તરે ૭ મળી કુલ ૭૪ સ્થળોએ મહારક્તદાન કેમ્પ યોજાયા હતા. જે અંતર્ગત ગીર સોમનાથ જિલ્લામાં વેરાવળ લોહાણા વાડી ખાતે ૧૨૧ યુનિટ, કોડીનાર સ્વામિનારાયણ મંદિર ખાતે ૭૬ યુનિટ, તાલાળા સ્વામિનારાયણ મંદિર ખાતે ૪૮ યુનિટ અને સાસણ સ્વામિનારાયણ મંદિર ખાતે ૬૦ યુનિટ રક્ત ઈન્ડિયન રેડ ક્રોસ સોસાયટી બ્લડ બેન્ક વેરાવળ દ્વારા એકત્ર કરાયું હતું. જ્યારે ઉના ખાતે ૪૨ યુનિટ અને હેમાળ ખાતે ૧૧૩ યુનિટ રક્ત દિવ્યજ્યોતિ બ્લડ બેન્ક ઉના દ્વારા એકત્ર કરવામાં આવ્યું હતું. કોડીનાર મુકામે નગરપાલિકાના ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી દ્વારા દીપ પ્રાગટ્ય કરી કેમ્પને ખુલ્લો મુકવામાં આવ્યો હતો. ભાવિ આચાર્ય નૃગેન્દ્રપ્રસાદજી મહારાજે જાહેર જનતાને રક્તદાન કરી સમાજસેવાનું ઉત્તમ ઉદાહરણ પૂરું પાડવા અનુરોધ કર્યો હતો. આ તકે કોડીનાર નગરપાલિકા ઉપપ્રમુખ શિવાભાઈ સોલંકી, ચેમ્બર ઓફ કોમર્સ પ્રમુખ હરિભાઈ વિઠલાણી, તાલુકા ભાજપ પ્રમુખ જીતુભાઈ બારડ, શહેર ભાજપ પ્રમુખ અજયભાઈ પરમાર, લોહાણા સમાજ પ્રમુખ ભાવેશભાઈ રૂપારેલ, ડો. બી.એમ. પરમાર, સરપંચ સુરપાલભાઈ બારડ, ખેડૂત અગ્રણી માંડણભાઈ રાવલીયા, નગરપાલિકા સભ્ય માનસિંગભાઈ જાદવ, યુવા ભાજપના પ્રવીણભાઈ બારડ સહિતના મહાનુભાવો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા. કાર્યક્રમને સફળ બનાવવા વેરાવળ, કોડીનાર, તાલાળા, સાસણ, ઉના અને હેમાળના લક્ષ્મીનારાયણદેવ યુવક મંડળના હરિભક્તો અને યુવાનોએ ભારે જહેમત ઉઠાવી હતી.

# અમેરિકા સાથે વધતા તણાવ વચ્ચે ઈરાનનું સૈન્યનું હેલિકોપ્ટર ક્રેશ: ૪ના મોત

તહેરાન,તા.૨૪



અમેરિકા સાથે વધતા વૈશ્વિક તણાવ વચ્ચે મંગળવારે મધ્ય ઈરાનમાં એક સૈન્ય હેલિકોપ્ટર દુર્ઘટનાગ્રસ્ત થયું હતું. આ હેલિકોપ્ટર ફળ અને શાકભાજી બજારમાં તૂટી પડ્યું હતું, જેમાં ઓછામાં ઓછા ચાર વ્યક્તિઓના કરુણ મોત નીપજ્યા છે. ઈરાની રાજ્ય ટેલિવિઝનના અહેવાલ મુજબ, આ દુર્ઘટના રાજધાની તેહરાનથી આશરે ૩૩૦ કિલોમીટર દક્ષિણે આવેલા ઈસ્ફહાન પ્રાંતના દોરચેહ શહેરમાં બની હતી. ઉલ્લેખનીય છે કે ઈસ્ફહાન પાસે ઈરાની વાયુસેનાનું મહત્વનું એરબેઝ અને મુખ્ય પરમાણુ મથકો આવેલા છે. અગાઉ જૂન મહિનામાં ઈરાન-ઈઝરાયલ સંઘર્ષ દરમિયાન અમેરિકા દ્વારા આ પરમાણુ સ્થળો તેમજ ફોર્ડો અને નાતાન્ઝ પર હુમલો કરવામાં આવ્યો હોવાના અહેવાલો હતા. સરકારી માધ્યમોના જણાવ્યા અનુસાર, આ હેલિકોપ્ટર તેની નિયમિત તાલીમ ઉડાન પર હતું ત્યારે અચાનક તૂટી પડ્યું હતું. આ અકસ્માતમાં હેલિકોપ્ટરમાં સવાર પાઈલટ અને સહ-પાઈલટ બંનેના મોત થયા છે. સોશિયલ મીડિયા અને ન્યૂઝ ફૂટેજમાં બજારના કાટમાળમાંથી કાળા ધુમાડાના ગોટેગોટા નીકળતા જોઈ શકાય છે. ઈરાની સમાચાર એજન્સી ફાર્સે પુષ્ટિ કરી છે કે હેલિકોપ્ટર નીચે પડતા બજારમાં કામ કરી રહેલા અન્ય બે લોકોના પણ જીવ ગયા છે.


## //એક્ઝિક્યુટિવ મેજીસ્ટ્રેટ, અમરેલી ગ્રામ્યની કોર્ટમાં, અમરેલી//

અપીલ રજી. નં.૫૮/૨૦૨૬

અરજદાર :- શ્રી પોલરા રમેશભાઈ ભવાનભાઈ
રહે.શેડુભાર, તા. જી. અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ-મરણ નોંધણી અધિકારીશ્રી
- વ -
તલાટી - કમ - મંત્રીશ્રી, ગ્રામ પંચાયત કચેરી
મુ. શેડુભાર, તા. જી. અમરેલી

-:: જાહેર નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી તાલુકાના શેડુભાર ગામમાં અરજદાર શ્રી પોલરા રમેશભાઈ ભવાનભાઈ તેઓના પુત્રી ભારતીબેન બાબુભાઈ પોલરાની જન્મ (તા.૧૨/૧૧/૧૯૭૨) ના રોજ થયેલ હોવાની નોંધ કરાવવા તેઓએ અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ-મરણ રજીસ્ટરમાં નોંધ કરાવી આપવા સામે કોઈને પણ વાંધા તકરાર હોય તો તેમણે આ નોટીસ વર્તમાનપત્રમાં પ્રસિધ્ધ થયેથી એક માસમાં જાતે અથવા તેમના મુખત્યાર મારફત અત્રેની કોર્ટમાં વાંધા તકરાર સાથે હાજર રહેવુ. અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તા.૧૧/૦૨/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

સહી,
એક્ઝિક્યુટિવ મેજિસ્ટ્રેટ
અમરેલી ગ્રામ્ય

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૪૮૦/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી નારણભાઈ મેઘજીભાઈ ઘેવરિયા
સરનામું :- મુ.મોટા આગરીયા, તા.રાજુલા, જી.અમરેલી

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - મોટા આગરીયા
તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના મોટા આગરીયા મુકામે ના શ્રી નારણભાઈ મેઘજીભાઈ ઘેવરિયા એ તેમના પુત્રી નામે દયાબેન નારણભાઈ ઘેવરિયા નો જન્મ તા.૦૧/૦૧/૧૯૯૨ ના રોજ રાજુલા તાલુકાના મોટા આગરીયા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી રેણુકાબેન કાનુની સહાય કેન્દ્ર સાવરકુંડલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને. ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૨૬૫/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી લખમણભાઈ કાળુભાઈ ચૌહાણ
સરનામું :- મુ.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી લખમણભાઈ કાળુભાઈ ચૌહાણ એ તેમના પુત્રો નામે શ્રી ચૌહાણ મુકેશભાઈ લખમણભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૪ તથા શ્રી ચૌહાણ રાકેશભાઈ લખમણભાઈ નો જન્મ તા.૦૧/૦૬/૨૦૦૭ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૨૯૬/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી કાળુભાઈ દાનાભાઈ ચૌહાણ
સરનામું :- મુ.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી કાળુભાઈ દાનાભાઈ ચૌહાણ એ તેમની પુત્રી નામે શ્રી ભાનુબેન કાળુભાઈ ચૌહાણ નો જન્મ તા.૦૧/૦૬/૧૯૯૦ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૯ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૯/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૨૯૭/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી કાળુભાઈ દાનાભાઈ ચૌહાણ
સરનામું :- મુ.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી કાળુભાઈ દાનાભાઈ ચૌહાણ એ તેમના પુત્રી નામે શ્રી સવિતા કાળુભાઈ ચૌહાણ નો જન્મ તા.૦૨/૦૬/૧૯૮૫ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૯ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૯/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૩૩૯/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી કસુબેન નરશીભાઈ ગુજરીયા
સરનામું :- ઠે. ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી કસુબેન નરશીભાઈ ગુજરીયા એ તેમના પુત્રી નામે શ્રી ગુજરીયા કંકુબેન નરશીભાઈ નો જન્મ તા.૦૧/૦૧/૨૦૦૫ ના રોજ રાજુલા તાલુકાના ચાંચ મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી ભાવેશભાઈ એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૩૩૬/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી જગદીશભાઈ નરશીભાઈ ગુજરીયા
સરનામું :- ડે. ચાંચ, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ચાંચ, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ચાંચ મુકામે ના શ્રી જગદીશભાઈ નરશીભાઈ ગુજરીયા એ તેમના પિતા નામે શ્રી નરશીભાઈ કેશુભાઈ ગુજરીયા નો અવસાન તા.૦૪/૦૬/૨૦૧૪ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે મરણ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી ભાવેશભાઈ એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના મરણ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૭ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૭/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો

સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

## તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ - રાજુલાની કોર્ટમાં

જન્મ/મરણ પરચુરણ કેસ નં. ૨૯૮/૨૦૨૫

અરજદારશ્રી :- શ્રી કાળુભાઈ દાનાભાઈ ચૌહાણ
સરનામું :- મુ.ખેરા, તા.રાજુલા, જી.અમરેલી.

વિરૂધ્ધ

સામાવાળા :- જન્મ - મરણ નોંધણી અધિકારી
-વ-
તલાટી કમ મંત્રીશ્રી - ખેરા, તા.રાજુલા, જી. અમરેલી

-:: નોટીસ ::-

આથી લાગતા વળગતાઓને આ જાહેર નોટીસથી જાણ કરવામાં આવે છે કે, અમરેલી જીલ્લાના રાજુલા તાલુકાના ખેરા મુકામે ના શ્રી કાળુભાઈ દાનાભાઈ ચૌહાણ એ તેમની પુત્રી નામે શ્રી પાંચીબેન કાળુભાઈ ચૌહાણ નો જન્મ તા.૧૫/૧૨/૧૯૯૫ ના રોજ રાજુલા તાલુકાના ખેરા મુકામે થયેલ છે. જે જન્મ અંગેની નોંધ કરાવવા તેમના વકીલ શ્રી બી.એમ.વાઘેલા મારફત અત્રેની કોર્ટમાં ઉપરોકત નંબરથી અરજી કરેલ છે. તો આ કામના સામાવાળાના જન્મ નોંધ રજીસ્ટરમાં કરાવી આપવા સામે કોઈને પણ વાંધો, તકરાર હોય તો તેમણે સદરહુ નોટીસ પ્રસિધ્ધ થયાના ૩૦(ત્રીસ) દિવસમાં નીચે સહી કરનાર અધિકારીશ્રીની કચેરીમાં વાંધા તકરાર રજુ કરવા તથા વાંધા તકરાર સાથે હાજર રહેવુ અન્યથા યોગ્ય હુકમ કરવામાં આવશે. જેની નોંધ લેવી.

આજ તારીખ. ૦૯ માહે. ફેબ્રુઆરી સને : ૨૦૨૬ નાં રોજ મારી સહી તથા કોર્ટના સિક્કા કરી આપ્યા.

સ્થળ : રાજુલા.
તા.૦૯/૦૨/૨૦૨૬

કોર્ટનો સિક્કો


સહી.
તાલુકા એકઝીક્યુટીવ મેજીસ્ટ્રેટ
રાજુલા

ઘઉં, જીરું અને રાયડો જેવા પાકને આ વરસાદથી નુકશાન થવાની ભીતિ વ્યક્ત કરાઈ

# ગુજરાતમાં કમોસમી વરસાદ : ૬ જિલ્લામાં યલો એલર્ટથી ખેડૂતોમાં ચિંતા

અમદાવાદ, તા. ૨૪

ગુજરાતમાં ફેબ્રુઆરીના અંતિમ દિવસોમાં કુદરતનો અજીબોગરીબ મિજાજ જોવા મળી રહ્યો છે. શિયાળાની વિદાય અને ઉનાળાના આગમન વચ્ચે મેઘરાજાની અચાનક એન્ટ્રીથી રાજ્યમાં ત્રણેય ઋતુનો માહોલ સર્જાયો છે. સોમવારે (૨૩ ફેબ્રુઆરી) અમદાવાદ, ભરૂચ અને અમરેલી સહિતના જિલ્લાઓમાં કમોસમી વરસાદ વરસ્યો હતો. આ વચ્ચે હવામાન વિભાગે વધુ છ જિલ્લાઓ માટે યલો એલર્ટ જાહેર કર્યું છે. સુરેન્દ્રનગર જિલ્લાના લખતર તાલુકામાં ગત મોડીરાત્રે વરસાદી ઝાપટાં પડ્યાં હતા. કડુ, ઓળક, માલિકા, તરમણીયા અને કળમ જેવા ગ્રામ્ય વિસ્તારોમાં સામાન્ય વરસાદ નોંધાયો હતો. હવામાન વિભાગે આગામી ૪૮ કલાક દરમિયાન ઉત્તર અને પૂર્વ ગુજરાતમાં હળવા વરસાદની શક્યતા વ્યક્ત કરી છે. સાવચેતીના ભાગરૂપે સાબરકાંઠા, અરવલ્લી, મહીસાગર, છોટાઉદેપુર, દાહોદ અને પંચમહાલ જિલ્લામાં યલો એલર્ટ જાહેર કરવામાં આવ્યો છે. હવામાન વિભાગના જણાવ્યા અનુસાર રાજ્યના અનેક વિસ્તારોમાં તેજ પવન અને વાવાઝોડા જેવી સ્થિતિ વચ્ચે વરસાદ વરસી શકે છે. ઉત્તર ગુજરાતના બનાસકાંઠા, સાબરકાંઠા અને અરવલ્લી જિલ્લામાં માવઠાની શક્યતા છે. દક્ષિણ ગુજરાતના ભરૂચ, તાપી,



સુરત અને નર્મદા જિલ્લામાં પવન સાથે હળવા ઝાપટાં પડી શકે છે. સૌરાષ્ટ્રના અમરેલી સહિતના વિસ્તારો અને કચ્છ જિલ્લામાં પણ કમોસમી વરસાદની પૂરેપૂરી શક્યતા વ્યક્ત કરવામાં આવી છે. અમદાવાદ શહેરમાં સોમવારે દિવસભર વાદળછાયું વાતાવરણ રહ્યું હતું. સાંજ બાદ વાતાવરણમાં પલટો આવ્યો અને સિંધુ ભવન રોડ, એસ.જી. હાઈવે, ગોતા અને ચાંદલોડિયા વિસ્તારમાં ઝાપટાં પડ્યાં હતા. રાત્રે પ્રહલાદનગર, સરખેજ અને શિવરંજની વિસ્તારોમાં પણ વરસાદી માહોલ જામ્યો હતો. આજે વહેલી સવારથી ઠંડા પવન અને ભારે ભેજને કારણે ધુમ્મસભર્યું વાતાવરણ સર્જાયું હતું, જેના કારણે દૃશ્યતા ઘટતાં વાહનચાલકોને મુશ્કેલીનો સામનો કરવો પડ્યો હતો. હવામાન વિભાગે જણાવ્યું છે કે ૨૫ ફેબ્રુઆરીથી રાજ્યમાં હવામાનમાં ફેરફાર આવી શકે છે અને વાતાવરણ મુખ્યત્વે શુષ્ક રહેવાની શક્યતા છે. તેમ છતાં તાપમાનમાં વધઘટ યથાવત્ રહેશે. બપોરે મહત્તમ તાપમાન ૩૪ ડિગ્રી સુધી પહોંચી શકે છે, જ્યારે લઘુત્તમ તાપમાન ૧૮ થી ૨૦ ડિગ્રી વચ્ચે રહેવાની સંભાવના છે. આગામી દિવસોમાં લઘુત્તમ તાપમાનમાં ૨ થી ૩ ડિગ્રીનો ઘટાડો થઈ શકે છે, જેના કારણે ઠંડીનો અહેસાસ ફરી વધે તેવી શક્યતા છે. ફેબ્રુઆરી મહિનામાં એકસાથે ઠંડી, ગરમી અને વરસાદનો અનુભવ થતાં જનજીવન પ્રભાવિત થયું છે. ખાસ કરીને રવિ પાકની કાપણીના સમયમાં માવઠું પડતાં ખેડૂતોમાં ચિંતા ફેલાઈ છે. ઘઉં, જીરું અને રાયડો જેવા પાકને આ વરસાદથી નુકસાન થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે.

## ગુજરાત વિધાનસભા : મંત્રીઓને પૂરતી તૈયારી સાથે આવવા અધ્યક્ષ શંકર ચૌધરીની ટકોર

ગાંધીનગર, તા.૨૪




ગુજરાત વિધાનસભાના બજેટ સત્રના સાતમા દિવસે પ્રશ્નોત્તરી કાળ દરમિયાન ગૃહમાં ભારે ગરમાવો જોવા મળ્યો હતો. કોંગ્રેસ નેતા શૈલેષ પરમારે ફરિયાદ કરી હતી કે અનેક મંત્રીઓ વિપક્ષના પ્રશ્નોના સચોટ જવાબ આપી શકતા નથી. આ બાબતને ગંભીરતાથી લેતા અધ્યક્ષ શંકર ચૌધરીએ મંત્રીઓને ટકોર કરી કે તેઓએ ગૃહમાં આવતા પહેલા વિષયની ઊંડી અને પૂરતી તૈયારી કરવી જોઈએ. તેમણે સ્પષ્ટ કર્યું કે પ્રશ્નોના જવાબ ન આપી શકાય તેવી સ્થિતિ ન સર્જાવી જોઈએ. બીજી તરફ, ઉપાધ્યક્ષ જેઠાભાઈ આહીરે ધારાસભ્યોને ટીવી સ્ક્રીન પરથી કાર્યવાહી રેકોર્ડ કરી સોશિયલ મીડિયા પર મૂકવા સામે પ્રતિબંધની યાદ અપાવી શિસ્ત જાળવવા સૂચના આપી હતી.

## અમદાવાદના વેજલપુરમાં રહેણાંક મકાનમાં આગ : પિતા-પુત્ર ભડથું

અમદાવાદ,તા.૨૪

અમદાવાદના વેજલપુર વિસ્તારમાં આવેલી બકેરી સિટી પાસેના કૃષ્ણનગર રો-હાઉસમાં ગઈકાલે મોડી રાત્રે એક અત્યંત કરુણ અને હૃદયદ્રાવક ઘટના ઘટી હતી. ગોહિલ પરિવાર જ્યારે મધરાતે ગાઢ નિદ્રામાં હતો, ત્યારે અચાનક આખા મકાનમાં ભીષણ આગ ફાટી નીકળી હતી. આ અકસ્માત એટલો ભયાનક હતો કે



ઘરમાં હાજર પાંચ સભ્યોમાંથી પિતા અને તેમના નવ વર્ષના માસૂમ પુત્રનું આગમાં હોમાઈ જવાથી ઘટનાસ્થળે જ કરુણ મોત નીપજ્યું હતું. પ્રાથમિક તપાસમાં શોર્ટ સર્કિટના કારણે આગ લાગી હોવાનું અનુમાન લગાવવામાં આવી રહ્યું છે, જોકે પોલીસ અને ફાયર વિભાગ દ્વારા આ મામલે ઊંડી તપાસ શરૂ કરવામાં આવી છે. આ દુર્ઘટના અંગે વિગતો આપતા મૃતક ધ્રુવભાઈના પત્ની મિતલબેને જણાવ્યું કે રાત્રિના આશરે સાડા ત્રણ વાગ્યાના અરસામાં અચાનક આખા રૂમમાં ધુમાડો ભરાઈ જવાથી તેમને ગૂંગળામણ થવા લાગી હતી. આ ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં શોકનું મોજું ફરી વળ્યું છે અને સ્થાનિકોમાં પણ ભારે ગભરાટ ફેલાયો છે.

## ગોંડલમાં 'આપ' નેતા જીગીશા પટેલની ગાડી પર સ્થાનિકોએ પથ્થરમારો કર્યો

રાજકોટ, તા.૨૪



રાજકોટના ગોંડલમાં ભગવતપરા વિસ્તારમાં આમ આદમી પાર્ટીના નેતા જીગીશા પટેલ પર હુમલો થવાની ગંભીર ઘટના બની છે. પ્રાપ્ત વિગતો મુજબ, જીગીશા પટેલ પાણી અને રસ્તા જેવા સ્થાનિક પ્રશ્નોના નિરાકરણ માટે આ વિસ્તારની મુલાકાતે ગયા હતા. તે સમયે સ્થાનિક મહિલાઓ સાથે કોઈ બાબતે ઉગ્ર ઘર્ષણ થતા મામલો બિચક્યો હતો. રોષે ભરાયેલા ટોળાએ તેમની ગાડી પર પથ્થરમારો કર્યો હતો, જેમાં કારના કાચ તૂટી ગયા હતા અને જીગીશા પટેલને શરીરે ઈજાઓ પહોંચી હતી. ઈજાગ્રસ્ત નેતાને તાત્કાલિક સારવાર અર્થે સિવિલ હોસ્પિટલમાં ખસેડવામાં આવ્યા છે. ઘટનાની જાણ થતા જ પોલીસે સ્થળ પર પહોંચી પથ્થરમારો કરનારા તત્વો વિરુદ્ધ કાયદેસરની તપાસ અને કાર્યવાહી હાથ ધરી છે.

## રાજસ્થાન RTOની કથિત હેરાનગતિ સામે સુરતના બસ સંચાલકોની હડતાળ

સુરત,તા.૨૪




સુરત અને સમગ્ર દક્ષિણ ગુજરાતથી રાજસ્થાન તરફ મુસાફરી કરતા લોકો માટે મુશ્કેલીના સમાચાર છે. રાજસ્થાન પરિવહન વિભાગ દ્વારા કરવામાં આવતી કથિત હેરાનગતિ અને આકરા દંડના વિરોધમાં સુરતના લક્ઝરી બસ સંચાલકોએ અચોક્કસ મુદતની હડતાળ જાહેર કરી છે. આ આંદોલનને કારણે સુરતથી ઉપડતી અંદાજે ૩૦૦ થી વધુ બસોના પૈડા થંભી ગયા છે. બસ સંચાલકોનો ગંભીર આક્ષેપ છે કે રાજસ્થાન સરહદમાં પ્રવેશતા જ RTO અધિકારીઓ દ્વારા માત્ર ગુજરાત પાસિંગ ધરાવતી બસોને નિશાન બનાવવામાં આવે છે. સામાન્ય ભૂલોમાં પણ બસ દીઠ એક લાખ રૂપિયા જેવો તોતિંગ દંડ ફટકારવામાં આવતા સંચાલકોમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે. મોંઘા ડીઝલ અને ટેક્સના ભારણ વચ્ચે લાખોનો દંડ ભરવો અશક્ય હોવાથી સંચાલકોએ આકરો નિર્ણય લીધો છે જેના કારણે હજારો મુસાફરો અટવાયા છે અને વેપાર-ધંધા પર પણ તેની માઠી અસર પડવાની ભીતિ સેવાઈ રહી છે.

## કેન્દ્રીય કેબિનેટનો મહત્વનો નિર્ણય: અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેક્ટનો થશે વિસ્તાર

અમદાવાદ,તા.૨૪

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની અધ્યક્ષતામાં મળેલી કેબિનેટ બેઠકમાં કુલ ૧૨,૨૩૬ કરોડની વિકાસ પરિયોજનાઓને મંજૂરી આપવામાં આવી છે જે અંતર્ગત ગુજરાત માટે એક અત્યંત મહત્વનો નિર્ણય લેવાયો છે. કેન્દ્રીય મંત્રી અશ્વિની વૈષ્ણવે જાહેરાત કરી છે કે અમદાવાદ મેટ્રો નેટવર્કનો હવે વધુ વિસ્તાર




કરવામાં આવશે જે ફેઝ ૨-બી અંતર્ગત ગિફ્ટ સિટીથી આઈઆઈટી ગાંધીનગરના શાહપુર સુધી કાર્યરત થશે. આશરે ૩.૩ કિલોમીટર લાંબા આ મેટ્રો રૂટ પાછળ ૧૦૬૭ કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ કરવામાં આવશે અને આ પ્રોજેક્ટ આગામી

**આશરે ૩.૩ કિલોમીટર લાંબા આ મેટ્રો રૂટ પાછળ ૧૦૬૭ કરોડ રૂપિયાનો અંદાજિત ખર્ચ**

ચાર વર્ષમાં પૂર્ણ કરવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. આ વિસ્તાર થવાથી ગાંધીનગર અને ગિફ્ટ સિટી વચ્ચે અવરજવર કરતા લાખો મુસાફરોની સુવિધામાં મોટો વધારો થશે અને પરિવહન ક્ષેત્રે નવી ગતિ મળશે.

## પાલનપુર સબ જેલમાં કાચા કામના કેદીએ આપઘાત કરી લેતા ખળભળાટ

પાલનપુર, તા. ૨૪



પાલનપુર સબ જેલમાં કાચા કામના કેદી ગુલાભાઈ દેવાભાઈ પરમારે શૌચાલયમાં ટુવાલ વડે ગળેફાંસો ખાઈ આત્મહત્યા કરી હોવાનું સામે આવ્યું છે. તેઓ દાંતા તાલુકાના નવા જંબેરા ગામના નિવાસી હતા અને પુત્રવધુના આત્મહત્યા દુષ્પ્રેરણ કેસમાં ન્યાયિક કસ્ટડીમાં હતા. શૌચાલયમાંથી બહાર ન આવતા તપાસ કરતાં તેઓ લટકતા હાલતમાં મળ્યા હતા. તાત્કાલિક ડોક્ટરને બોલાવવામાં આવ્યા, જેમણે તેમને મૃત જાહેર કર્યા. મૃતદેહને ફોરેન્સિક તપાસ માટે અમદાવાદ સિવિલ હોસ્પિટલ ખસેડવામાં આવ્યો છે. પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

## ખેડાના ભારતસિંહ પરમારની ભાજપ છોડી ફરી કોંગ્રેસમાં વાપસી

(એચ.એસ.એલ), ખેડા, તા. ૨૪



ખેડા જિલ્લાના મહુધા વિધાનસભાના નેતા ભારતસિંહ પરમારે ભાજપ છોડીને ફરી કોંગ્રેસમાં વાપસી કરી છે. તેઓ અમદાવાદ ખાતે કોંગ્રેસના નેતા અમિત ચાવડાની હાજરીમાં પક્ષમાં જોડાયા હતા. બાદમાં તેમણે નડિયાદ ખાતે દિનશા પટેલ સાથે મુલાકાત કરી હતી. વર્ષ ૨૦૧૭ની વિધાનસભા ચૂંટણી પહેલા તેઓ કોંગ્રેસમાં મહત્વની ભૂમિકામાં હતા, પરંતુ બાદમાં ભાજપમાં જોડાયા હતા. ચૂંટણીમાં પરાજય અને પક્ષમાં અવગણના બાદ તેમણે ફરી કોંગ્રેસનો હાથ પકડી લીધો છે, જેના કારણે સ્થાનિક રાજકારણમાં ચર્ચા જાગી છે.

## પતિ દ્વારા એકવાર થપ્પડ મારવી ક્રૂરતા ગણાવી શકાય નહીં: ગુજરાત હાઈકોર્ટ

અમદાવાદ, તા. ૨૪

ગુજરાત હાઈકોર્ટે એક મહત્વપૂર્ણ ચુકાદામાં સ્પષ્ટ કર્યું છે કે પતિ દ્વારા પત્નીને માત્ર એકવાર થપ્પડ મારવાની ઘટનાને આપમેળે કાયદેસરની ક્રૂરતા ગણાવી શકાય નહીં. વર્ષ ૧૯૯૫ના આ કેસમાં દંપતીના લગ્ન થયા બાદ થોડા મહિનામાં પત્નીએ આત્મહત્યા કરી હતી. ત્યારબાદ મૃતકના પિતાએ જમાઈ સામે ક્રૂરતા અને આત્મહત્યા માટે ઉશ્કેરણીનો ગુનો નોંધાવ્યો હતો.



ફરિયાદ મુજબ આરોપી મોડી રાત્રે ઘરે આવતો અને પત્ની સાથે મારપીટ કરતો હતો. એક પ્રસંગે તે પત્નીના પિયરમાં જઈ તેણીને થપ્પડ મારી હતી. પોલીસે આઈપીસીની કલમ ૪૯૮એ અને ૩૦૬ હેઠળ ગુનો નોંધાવ્યો હતો. વલસાડ સેશન્સ કોર્ટે ૨૦૦૩માં આરોપીને દોષિત ઠેરવી સજા ફટકારી હતી. જોકે, હાઈકોર્ટમાં અપીલ કરતા સેશન્સ કોર્ટનો ચુકાદો રદ કરવામાં આવ્યો. હાઈકોર્ટે નોંધ્યું કે એકમાત્ર થપ્પડની ઘટના, ખાસ પરિસ્થિતિમાં, ક્રૂરતા સાબિત કરવા પૂરતી નથી. સાથે જ આત્મહત્યા માટે સીધી ઉશ્કેરણીના પૂરતા પુરાવા પણ રજૂ થયા નહોતાં.





